જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

# જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૨૩-૧૨-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

# જમ્મુ-કાશ્મીર : ત્રાલમાં મુસાના ડેપ્યુટી સહિત છ ત્રાસવાદીઓ મોતને ઘાટ

## સુરક્ષા દળોને વધુ એક મોટી સફળતા હાથ લાગી: અથડામણ સ્થળ પર મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના ત્રાલમાં સુરક્ષા દળોને વધુ એક મોટી સફળતા હાથ લાગી છે. એક ભીષણ એન્કાઉન્ટરમાં છ ત્રાસવાદીઓ ઠાર થયા છે. ઠાર થયેલા ત્રાસવાદીઓમાં કુખ્યાત જાકીર મુસા સહિત છ ત્રાસવાદી ઠાર થતા મોટી સંખ્યામાં હથિયારો અને વિસ્ફોટકોનો જથ્થો જમ કરવામાં આવ્યો છે. ચોક્કસ બાતમીના આધાર પર કાર્યવાહી કરવામાં આવી હતી. અવંતીપોરામાં ત્રાસવાદીઓ છુપાયા હોવાની બાતમી મળી હતી. ત્યારબાદ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. સુરક્ષા દળોને એક પછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. હાલમાં પુલવામા વિસ્તારમાં ત્રણ ત્રાસવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા બાદ સ્થાનિક લોકોના ટોળાએ સુરક્ષા દળો પર પથ્થરમારો કર્યો હતો. ત્યારબાદ વણસી ગયેલી સ્થિતીને કાબુમાં લેવા માટે સુરક્ષા દળોને ગોળીબાર કરવાની ફરજ પડી હતી. જેમાં સા નાગરિકોના મોત થયા હતા.હાલમાં પુલવામામાં હિઝબુલના કુખ્યાત ત્રાસવાદી જુહુર ઠોકર સહિત ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ અથડામણ સ્થળે જોરદાર રક્તપાતની સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિકો દ્વારા સેનાના ઓપરેશનના વિરોધમાં જોરદાર પથ્થરમારો કરવામાં આવ્યો હતો જેના જવાબમાં કાર્યવાહી કરાતા આઠ નાગરિકોના મોત થયા હતા. ગયા શનિવારના દિવસે જમ્મુ-




કાશ્મીરના પુલવામામાં ઝહુર ઠોકર સહિત ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ સ્થાનિક લોકોએ સુરક્ષા ટોળકી ઉપર પથ્થરમારો કર્યો હતો. સ્થાનિક લોકો સાથે સુરક્ષા દળોની સંઘર્ષની સ્થિતિ કલાકો સુધી રહી હતી. સ્થિતિ વણસી જતા સુરક્ષા દળોને ગોળીબાર કરવાની ફરજ પડી હતી. આ ગોળીબારમાં ૮ નાગરિકોના મોત થતા સ્થિતિ વધારે વિસ્ફોટક બની ગઈ હતી. કુખ્યાત આતંકવાદી જુહુર ઠોકરને ઠાર કરવામાં આવ્યા બાદ લોકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું અને અથડામણ સ્થળ પર સ્થાનિક લોકો દ્વારા સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સુરક્ષા જવાનોએ ગોળીબાર કરતા આઠ નાગરિકોના મોત થઈ ગયા હતા. પુલવામામાં ઈન્ટરનેટ સેવાઓને તાત્કાલિક ધોરણે બંધ કરવામાં આવી હતી. સાથે સાથે જમ્મુ વિસ્તારમાં બનિહાલ ટાઉનથી કાશ્મીર ખીણ સુધી રેલ સેવાઓને બંધ કરવામાં આવી હતી. ત્રાલમાં આજે શનિવારના દિવસે ત્રાસવાદીઓની માહિતી મળ્યા બાદ સેના, સીઆરપીએફ અને જમ્મુ કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં છ ત્રાસવાદીઓ ઠાર થઇ ગયા હતા. કુખ્યાત ત્રાસવાદી મુસાના ડેપ્યુટીનુ મોત થયુ છે. જેનુ નામ સોલિહા હોવાનુ જાણવા મળ્યુ છે. તમામ લોકો જાણે છે કે મુસા જમ્મુ કાશ્મીરમાં સક્રિય અલ કાયદાના મંચ અંસાર ગજવત ઉલ હિન્દના પ્રમુખ તરીકે છે. આ વર્ષે જમ્મુ કાશ્મીરમાં સેનાના ઓપરેશન ઓલ આઉટના કારણે વધુ સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે.

# સંતાકૂકડી રમતી વખતે ૨ વર્ષના પુત્રનુ ટાંકીમાં ડુબી જતા મોત થતા પિતાએ ફાંસો ખાઈ લીધો

કોયંબતુર

તામિલનાડુનુ કોયંબતુરમાં એક પારિવારિક ટ્રેજેડીમાં માસૂમ પુત્રનુ મોત થયા બાદ શોકાતુર પિતાએ પણ આત્મહત્યા કરી લીધી હતી.

મોબાઈલ શોપ ચલાવતા આર મનિકનંદન ગુરુવારે સાંજે પોતાના ઘરમાં પાંચ વર્ષની પુત્રી દેવદર્શિની સાથે સંતા કૂકડી રમી રહ્યા હતા.તે સમયે તેમનો બે વર્ષનો પુત્ર દેજશ્વિન ઘરમા ઘૂંટણિયા કાઢતો ફરી રહ્યો હતો.

લગભગ એક કલાક સુધી સંતા કૂકડી રમ્યા બાદ મનિકનંદનને ખ્યાલ આવ્યો હતો કે બે વર્ષનો દેજશ્વિન કશે દેખાઈ રહ્યો નથી.તે પછી તેમણે પુત્રને શોધવાનુ શરુ કર્યુ ત્યારે તે ઘરની ખુલ્લી પાણીની ટાંકીમાં ડુબેલી હાલતમાં મળ્યો હતો. આ જોઈને મનિકનંદને કોઈ બૂમાબૂમ કર્યા વગર પુત્રીને સંતાવા મોકલી હતી અને પોતે ઘરના એક રુમમાં જઈને આત્મહત્યા કરી લીધી હતી.

પુત્રીએ પિતાને શોધવાનુ શરુ કર્યુ હતુ. જોકે બંધ રુમ નહી ખુલતા તેણે પોતાની માતાને જગાડી હતી. મનિકનંદનની પત્નીએ દરવાજો ખોલવવાના ભારે પ્રયત્નો કર્યા બાદ બારીમાંથી નજર કરતા પતિને ગળે ફાંસો ખાધેલી હાલતમાં લટકતા જોયા હતા.

તેમણે બૂમાબૂમ કરીને પાડોશીને બોલાવ્યા હતા.એ પછી ૨ વર્ષનો માસૂમ પુત્ર પણ ડુબેલી હાલતમાં મળી આવ્યો હતો.પોલીસનુ કહેવુ છે કે પુત્રના મોત માટે પોતાને જવાબદાર ગણીને પિતાએ આત્મહત્યા કરી લીધી હોવાનુ લાગે છે.

# કરતારપુર ગુરુદ્વારા મામલે ભારત સરકારના પ્રસ્તાવને ફગાવી દેતુ પાકિસ્તાન

ઈસ્લામાબાદ

પાકિસ્તાન ભારતને કરતારપુર ગુરુદ્વારાની જમીન સોંપી દે અને તેના બદલામાં પાકિસ્તાન બીજી જગ્યાએ જમીન લઈ લે તેવા ભારત તરફથી કરવામા આવેલા પ્રસ્તાવને પાકિસ્તાને ફગાવી દેતા આ મામલે બંને દેશ વચ્ચેના સંબંધમાં સુધારો થશે તેવી આશા પર હાલ તો પાણી ફરી વળ્યુ છે.ત્યારે એક વાત ચોકકસ લાગી રહી છે કે પાકિસ્તાન ભારતના પ્રસ્તાવને સ્વીકારી લેશે તેવી અપેક્ષા રાખવાનું છોડી દેવુ પડશે.

ભારત તરફથી આવો પ્રસ્તાવ કરતારપુરને ભારતનો હિસ્સો બનાવવાના હેતુથી કરવામા આવ્યો હતો. પરંતુ પાકિસ્તાને ભારતના આ પ્રસ્તાવને હુકરાવી દીધો છે.પાકિસ્તાન અદલા-બદલીના સોદા હેઠળ કરતારપુરની જમીન ભારતને સોંપી દેવા બાબતે વિચારણા કરશે તેવા સવાલના જવાબમાં પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવકતા મહંમદ ફૈઝલને તેમનો જણાવ્યુ હતુ કે આ મામલે જમીનની અદલા-બદલીનો કોઈ સવાલ જ પેદા થતો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ગત નવેમ્બરમાં પાકિસ્તાને ભારતના

### કરતારપુર ભારતને સોંપી બીજી જમીન લઈ લેવા પાક.ને ઓફર કરાઈ હતી

શિખ સમુદાયના લોકો વિઝા વગર નરોવાલ જિલ્લાના કરતારપુર સાહિબ ગુરુદ્વારાની યાત્રા કરી શકે તે માટે કરતારપુરની સરહદ ખોલી નાખી હતી. આ સ્થળે શિખ ધર્મના સ્થાપક ગુરુ નાનાક દેવે તેમના જીવનના આખરી ૧૮ વર્ષ ગાળ્યા હતા.

જોકે આ મામલે પંજાબ સરકારે પાકિસ્તાનને કરતારપુર ગુરુદ્વારાની જમીનની અદલા-બદલીનો પ્રસ્તાવ કર્યો હતો. પંજાબ વિધાનસભાના શિયાળુ સત્રના આખરી દિવસે ગઈકાલે આ પ્રસ્તાવને સર્વસંમતિથી પસાર કરી દેવામા આવ્યો હતો.આ પ્રસ્તાવમાં પાકિસ્તાન કરતારપુર ગુરુદ્વારાની જમીન ભારતને આપી દે અને તેના બદલામાં ભારત તેને બીજી જગ્યાએ જમીન આપશે તેમ જણાવાયુ હતુ. પરંતુ સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર પાકિસતાને ભારતના આવા પ્રસ્તાવને ફગાવી દીધો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ કરતાપુર કોરિડોરને ખુલ્લો મૂકવા બાબતે સહમતિ સધાઈ છે. આ બાબતે પંજાબના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીરસિંહ બાદલે જણાવ્યુ કે તેઓ કરતારપુરના મામલે ટુંક સમયમાં જ વડાપ્રધાન મોદીને મળશે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :
નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

Paras SAREES & DRESS MATERIALS
આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે
સેલ 30% ડિસ્કાઉન્ટ
3 સાડી નેન્સી ₹330
3 સાડી અલબેલી બ્લાઉઝ સાથે ₹450
3 કોટન ડ્રેસ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999
પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ સાધનોમાંથી ચુકવણ જશે, જે માટે સાથે દર્શાવેલ ફોનક પરથી આપ સમજ લઇશો.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
કાર્ડીના ૧૭૫૦/- (ઓટો મોડથી કપાશે)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ફ્રીજ કે વર્ષ માટે ૩૦૦૦/- (ઓટો મોડથી કપાશે)
આપનો કોડ ફ્રીજ કે વર્ષ માટે રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હંમેશ કમાવાની તક ઝડપી લો.

| માત્ર ૫૫૦/-માં PLAN - A | | માત્ર ૩૦૦૦/-માં PLAN - B | |
|---|---|---|---|
| LEVEL | INCOME | LEVEL | INCOME |
| 1st | 100/- | 1st | 750/- |
| 2nd | 70/- | 2nd | 500/- |
| 3rd | 50/- | 3rd | 300/- |
| 4th | 40/- | 4th | 200/- |
| 5th | 30/- | 5th | 100/- |
| Total | 290/- | Total | 1850/- |



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

# બોટાદમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા જન જાગૃતિ રેલી યોજાઈ




*બોટાદ મા નાઈ સમાજ (હેર કર્ટીંગ એસોસિયેશન) દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા જન જાગૃતિ રેલી યોજવામાં આવી તા. ૨૨-૧૨-૨૦૧૮ શનિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે બોટાદ નગરપાલિકા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત આ રેલી આયોજન કરાયું આ રેલી બોટાદના જ્યોતિગ્રામ સર્કલ થી લઈને એસ.ટી.બસ સ્ટેન્ડ સુધી આ રેલી યોજાઈ જેમાં નગરપાલિકા ચીફ ઓફિસર હાજર રહ્યા હતા આ રેલીનો મુખ્ય ઉદેશ લોકોમાં જન જાગૃતિ લાવી ભારત ને ગંદકી મુકત કરવા સાથે સ્વસ્થ ભારત - સ્વસ્થ ભારત હતો*

# ૨૬૧ અનાથ દિકરીઓનો આજે જાજરમાન લગ્નોત્સવ, સીએમ રૂપાણી આપશે હાજરી

પિતાવિહોણી દિકરીઓ માટે પિતાતુલ્ય ભૂમિકા ભજવી હજારો દિકરીઓના રંગે ચંગે લગ્ન કરાવી સાસરે વળાવનાર સેવાભાવી ઉદ્યોગપતિ મહેશભાઈ સવાણી દ્વારા આ વર્ષે પણ તા.૨૩મીના રોજ પિતાની છત્રછાયા ગુમાવનાર ૨૬૧ દીકરીઓનો જાજરમાન 'લાડકડી' લગ્નોત્સવ યોજાશે. જેમાં રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ વિશેષ ઉપસ્થિત રહી પિતાવિહોણી દીકરીઓનું કન્યાદાન કરશે. સવાણી પરિવારના પ્રેરણાદાયી કાર્યમાં ભોજલરામ ગ્રુપના બટુકભાઈ અને અશ્વિનભાઈનો મોવલિયા પરિવાર પણ ગત વર્ષની જેમ આ વર્ષે પણ સહભાગી બન્યો છે.

પી પી સવાણી ચૈતન્ય વિદ્યા સંકુલ, અબ્રામા ખાતે યોજાનાર લાડકડી લગ્નોત્સવ વિષે મહેશભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, પિતાવિહોણી દિકરીઓ અને પરિવારની વ્યથા સમજી લગ્નના આર્થિક ભારણને પહોંચી ન વળનાર પરિવારની દિકરીઓને પી. પી. સવાણી પરિવાર દર વર્ષે ભવ્ય લગ્ન સમારંભ યોજીને દીકરીઓને પરણાવે છે. આ વર્ષે પણ ૨૬૧ દીકરીઓના પિતા બની સવાણી અને મોવલિયા પરિવાર કોઈ પણ ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ વિના પિતાવિહોણી તેમજ વિધવા બહેનોની દીકરીઓને પરણાવી સાસરે વળાવશે.

આ વર્ષે ૨૬૧ 'લાડકડી દીકરીઓ' પૈકી છ મુસ્લિમ, ત્રણ ખ્રિસ્તી દીકરીઓ પણ એમની પરંપરાગત રિતીરિવાજ-લગ્ન વિધિ મુજબ લગ્ન ગ્રંથિથી જોડાશે.

# જંતુનાશક દવાની આડમાં આવતો ૬૫૧ પેટી દારુ પકડી પાડતી આર.આર.સેલ

## દારૂ બિયર તેમજ ટ્રક મળીને ૩૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત






નવા વર્ષની ઉજવણી દારૂ પીને મોજ મસ્તી સાથે કરવામાં આવતી હોય છે જેથી બુટલેગરો ૩૧ ડિસેમ્બરની ઉજવણી માટે અગાઉથી દારૂનો સ્ટોક કરતા હોય તેમ કચ્છ તરફ વિદેશી દારૂ અને બિયર મળીને ૨૪ લાખથી વધુનો મુદ્દામાલ લઈ જતું કન્ટેનર આર આર સેલની ટીમે ઝડપી લીધું છે

આગામી દિવસોમાં ૩૧ ડિસમ્બર ની ઉજવણી થનાર હોય અને નવા વર્ષની ઉજવણી પૂર્વ વિદેશી દારૂની હેરાફેરી રોકવા અને દારૂનો મુદ્દામાલ ઝડપી લેવા રેન્જ આઈ.જી. સંદીપ સિંહની સૂચનાથી આર આર સેલના પી.એસ.આઈ. એમ.પી. વાળા તથા તેમની ટીમને કડક વાહન ચેકીગ અને પેટ્રોલિંગ કરતી હોય દરમિયાન ખાનગી રાહે હકિકત મળેલ કે મોરબી જીલ્લાના માળિયા તાલુકામાં અણીયારી ટોલ નાકા પાસેથી એક ડાકપાર્સલ ના બંધ કન્ટેનરમાં ઈંગ્લીશ દારુ ભરી નીકળનાર છે જેથી તુર્તજ હકીકત વાળી જગ્યાએ સ્ટાફના રામભાઈ મંઢ, રસીકભાઈ પટેલ, સુરેશભાઈ હુંબલ, કૌશીકભાઈ મણવર નાઓને મોકલી વાહન ચેકીગ કરાવતા હકીકત વાળો ટ્રક નિકળતા ટ્રકના કન્ટેનરમાં મારવામાં આવેલ સીલ તોડી કન્ટેનર ખોલી ચેક કરતા વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળ્યો હતો

કન્ટેનરમાં છુપાવી-સંતાડી રાખેલ અલગ-અલગ બ્રાંડની ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની બોટલ નંગ- ૭૦૧૯ બીયર ટીન નંગ- ૧૫૮૪ જેની કિ.રૂ. ૨૪,૧૪,૧૦૦/- તથા કન્ટેનર ટ્રકનં.PB-03-X-6547 કિ.રૂ. ૧૦,૦૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન-૧ કિ. રૂ.૫૦૦/- મળી કુલ રૂ.૩૪,૧૪,૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી હાજર મળી આવેલ ડ્રાઈવર વિરેન્દ્રસીંગ રાજદેવસીંગ રાજપુર રે. ફરીદાબાદ જી.સીતામઢી બીહાર વાળાને ધોરણસર અટક કરી અને ટ્રક માલીક થતા મુંબઈથી ઈંગ્લીશ દારુનો જથ્થો મોકલનાર મોબાઈલ નંબર વાળો માણસ તથા ગાંધીધામથી માલ મંગાવનાર તપાસમાં ખુલે તે તમામ વિરુધ્ધ માળીયા મિયાના પોલીસ મથકમાં નોંધાવ્યો છે જંતુનાશક દવાની આડ માં ગુજરાતમાં દારૂ ઘુસાડવામાં આવતો હતો તો હંમેશની જેમ ગુજરાતની બોર્ડર અને આટલા જિલ્લા વટાવી આખું દારૂ ભરેલું કન્ટેનર છેક માળીયા હાઈવે સુધી આવી ગયું હતું જોકે રેન્જ આઈજી ની આર આર સેલ ટીમે દારૂનો જથ્થો ઝડપી લીધો છે.

# આજે સિધ્ધનાથ મહાદેવ વિરમગામ ખાતે '૨૧ કુંડી સામાજીક સમરસતા મહાયજ્ઞ' યોજાશે

**વિરમગામ ખાતે સમાજિક સમરસતા મહાયજ્ઞમાં અનેક સંતો મહંતો, સામાજીક આગેવાનો સહિતના લોકો ઉપસ્થીત રહેશે**

વર્તમાન સમયમાં સામાજિક વાતાવરણ બગડી રહ્યું છે, જ્ઞાતિઓ - જાતિઓ વચ્ચે વૈચારિક અંતર વધી રહ્યું છે, જે રાષ્ટ્ર હિતમાં નથી. આ વિષયનું ચિંતન મનન કરીને, સામાજિક સમરસતા સમિતિ - વિરમગામ તાલુકાએ, સામાજિક સમરસતા મહાયજ્ઞનું આયોજન કરેલ છે, જેમાં વિરમગામની વિવિધ જ્ઞાતિઓ ભાગ લેશે. આપણે સૌ સાથ સહકાર આપીએ, અને રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં સહભાગી બનીએ. સામાજિક સમરસતા મહાયજ્ઞની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

સામાજિક સમરસતા સમિતી વિરમગામ તાલુકાના સંયોજક શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે જણાવ્યુ હતુ કે, બધા હિન્દુઓ એક જ માતા (ભારતમાતા)ના સંતાન છે, કોઇ પણ હિન્દુ નીચો નથી, હીન્દુ રક્ષા એ આપણી દિક્ષા (સંકલ્પ) છે તથા સમાનતા એ આપણો મંત્ર છે. પરમકૃપાળુ પરમાત્માના દિવ્ય આશીર્વાદ થી આપણા વિરમગામ તાલુકામાં ઈશ્વરીય કાર્ય રૂપી ૨૧ કુંડી સામાજીક સમરસતા મહાયજ્ઞનું સિધ્ધનાથ મહાદેવ મંદિર વિરમગામ ખાતે તારીખઃ- ૨૩/૧૨/૧૮ ને રવિવાર,સમયઃ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ સુધી ભવ્ય આયોજન આવેલ છે. આ પાવન અવસર ને અતિ પાવન કરવા ચોક્કસ થી પધારશોજી. આ સામાજિક સમરસતા મહાયજ્ઞમાં સૌરાષ્ટ્રના સામાજિક સમરસતા સંયોજક મહિપાલજી ઠાકુર વક્તવ્ય આપશે. આ ઉપરાંત પ.પુ. શ્રી જાનકીદાસ બાપુ, ભાણસાહેબની જગ્યા, કમીજલા, પ.પુ. શ્રી રામકુમારદાસ બાપુ, રામ મહેલ મંદિર, વિરમગામ, પ.પુ. શ્રી દિનબંધુ મહારાજ,આનંદ આશ્રમ, વનથળ, પ.પુ. શ્રી રઘુવીર સ્વામી,સોકલી ગુરુકુલ, પ.પુ. શ્રી રઘુનંદનદાસ ખાકી, પંચદેવ હનુમાનજી મંદિર, વિરમગામ, પ.પુ. શ્રી વસંતદાસ કાળીદાસ સાધુ, માનવ સેવા આશ્રમ, સરસાવડી,પ.પુ. શ્રી ભાણદાસ બાપુ ગૂરૂ દલુરામ સાધુ, રાધાકૃષ્ણ મંદિર,ભરવાડી દરવાજા વિરમગામ સહિતના સંતો મહંતો ઉપસ્થિત રહીને આશિર્વાદ આપશે. સામાજિક સમરસતા મહાયજ્ઞમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે.

# સ્વાઈન ફ્લૂને કારણે મહિલાનું મોત, ૪ દર્દી સારવાર હેઠળ

રાજકોટ

રાજકોટમાં સ્વાઈન ફ્લૂના કહેરમાં વધુ એક મહિલાનો ભોગ લેવાયો. સ્વાઈન ફ્લૂના કારણે મોરબીની ૩૦ વર્ષીય મહિલાનું સારવાર દરમિયાન મોત થયું છે. આ મહિલા છેલ્લા એક અઠવાડિયાથી વેન્ટિલેટર પર હતી અને સારવાર ચાલુ હતી. તો હજુ પણ ચાર દર્દી સ્વાઈન ફ્લૂ વોર્ડમાં સારવાર હેઠળ છે. તેમજ હજુપણ ૪ દર્દી સ્વાઈન ફ્લૂ વોર્ડમાં સારવાર લઈ રહ્યા છે.

આપને જણાવી દઈએ કે, અત્યાર સુધીમાં કુલ ૧૫૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૪૧ લોકોનાં મોત થયા છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયગાળાથી સ્વાઈન ફ્લૂએ ગુજરાતભરમાં કહેર વરસાવ્યો છે. સ્વાઈન ફ્લૂ અટકાવવા આજના તબીબવિજ્ઞાનમાં એલોપથીની ટેમી ફ્લૂ દવા આપે છે. જે બધા ફ્લૂના તાવ માટેની દવા છે. પરંતુ તેનો અકસીર ઈલાજ શોધાયો નથી. સ્વાઈન ફ્લૂ રોગનું આયુર્વેદની દ્રષ્ટિએ નામ વાતશ્લેસમક જ્વર છે. તેના અકસિર ઈલાજ માટે તુલસી, મધનું સેવન અકસીર છે.

કેમ કે તે વધારાના કફને દૂર કરે છે. તો, આદુ, તુલસી, સૂંઠવાળી ચા પણ સ્વાઈન ફ્લુમાં રક્ષણ આપનારી છે.

# કેવડિયા ખાતેની ડીજી કોન્ફરન્સ માંથી પી એમ મોદી પરત ફર્યા બાદ પણ હજુ એક બાદ એક વિરોધ જારી રખાશે

રાજપીપળાઃ આદિવાસી ઓની જમીન ના વિવાદ માં ભૂખ હડતાલ પર બેઠેલા ડૉ પ્રફુલ વસાવા, લખન મુસાફીર, નરેશ તડવી ની ભૂખ હડતાળ આંદોલન નો શનિવારે ચોથો દિવસ હતો ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી ના વિકાસ પ્રોજેક્ટના નામે આદિવાસીઓની જમીન લુંટના વિરોધમા ભૂખ હડતાળ, બંધ એલાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પુતળાને ફાંસી આપી, પોતાના ઘરો પર કાળા વાવટા ફરકાવી આદિવાસીઓ એ ત્રણેય દિવસ ભારે વિરોધ નોંધાવ્યો હતો ત્યારે ભૂખ હડતાળના આંદોલનકારીઓ અને કેવડિયાના આદિવાસી આગેવાનોએ લોકોને બે દિવસ થી પડી રહેલ હાલાકી ને ધ્યાને રાખી આજે કેવડિયા થી ગાંધીનગર રધાનમંત્રી નરેન્દ્ર મોદી પરત ફર્યા બાદ રવિવાર થી બજાર ખોલવા જણાવ્યું અને આ આંદોલનમાં કેવડિયા- ગરૂડેશ્વરના વેપારીઓએ ત્રણ દિવસ સુધી બજાર બંધ રાખી સહયોગ આપ્યો એ માટે આદિવાસી સમાજે આભાર પણ વ્યક્ત કર્યો હતો.જોકે નરેન્દ્ર મોદી પરત ફર્યા બાદ પોલીસે ડિટેન કરેલા આદિવાસી આગેવાનો ને જીતનગર પોલીસ હેડ ક્વાટર ખાતેથી મુક્ત કર્યા હતા ત્યારે આ આગેવાનો એ આવતા મહિને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાનાર પતંગ મહોત્સવનો પણ ઉગ્ર વિરોધ કરીશું એમ જણાવ્યું હતું.પહેલાં નર્મદા જિલ્લા ના રાજપીપળા ખાતે બનનાર એરપોર્ટ ને આદિવાસીઓનું ગામ આમદલા ખાતે ખસેડવાના નિર્ણયનો પણ આદિવાસી યુવા આગેવાન ડૉ પ્રફુલ વસાવા અને આદિવાસી સમાજે વિરોધ કર્યો છે.

# એસ્પિરેશન ડીસ્ટ્રીક્ટ નર્મદા અંતર્ગત ડેડીયાપાડા ખાતે મધમાખી ઉછેર માટે બોક્સ વિતરણ અને તાલીમ કાર્યક્રમ યોજાયો



રાજપીપળા : નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ખાતેના કૃષિ તાલીમ કેન્દ્ર ખાતે તાજેતરમાં એસ્પિરેશન ડીસ્ટ્રીક્ટ નર્મદા અંતર્ગત મધમાખી ઉછેર માટે બોક્સ વિતરણ અને તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર આર. એસ. નિનામાના માર્ગદર્શન હેઠળ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ૨૦ ખેડુતોને ૧૦૦ જેટલા મધમાખી બી ના બોક્સનું નર્મદા પ્રાયોજના વહિવટદાર આર. વી. બારીયા અને મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમમાં નર્મદા પ્રાયોજના વહિવટદાર આર. વી. બારીયાએ ખેડૂતોને મધમાખી ઉછેર અપનાવવા તથા તેના ઉછેર અંગે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું

નાયબ બાગાયત નિયામક સ્મિતાબેન પિલ્લાઇએ માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે માનનીય વડાપ્રધાનના ખેતીમાં બમણી આવકના સંકલ્પને સિધ્ધ કરવા મધમાખી ઉછેર વધુ કરવા પર ભાર મુક્યો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત ખેડૂતોને મધમાખી પાલનમાં રાખવામાં આવતી તકેદારી, સાચવણી, રોગ-જીવાત, કોલોનીમાં રાણી માખી, વર્કર માખી, નર માખી વગેરે બાબતો પર તાલીમ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતભાઈ-બહેનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



### ભાગલા બાદ પાકિસ્તાન, ચીન વસી ગયેલા લોકોના નામે

# ભારતમાં અંદાજે ૩૦૦૦ કરોડ રૂપિયા સંપત્તિ છેઃ ગૃહમંત્રાલય

નવીદિલ્હી

હાલ પાકિસ્તાને છંછેડેલા મુંબઈના જિન્ના હાઉસના મુદ્દાથી ભારતમાં શત્રુ સંપત્તિનો મુદ્દો ફરીથી ચગ્યો છે. પાકિસ્તાને મુંબઈના માલાબારમાં આવેલ મોહંમદ અલી જિન્નાના ઘર પર હક જતાવ્યો છે. ત્યારે ભારતે આ બંગલો પાકિસ્તાનને આપવાની ઘસીને ના પાડી દીધી છે. આ ઉપરાંત સરકારે ૮ નવેમ્બરના રોજ સંસદમાં ૪૯ વર્ષ જૂની શત્રુ સંપત્તિ એક્ટમાં બદલાવ કર્યો હતો. જે અંતર્ગત દેશ વિભાજન દરમિયાન પાકિસ્તાન અને ચીન જઈને વસેલા લોકોના ઉત્તરાધિકારીઓનો આ સંપત્તિ પરથી દાવો નાબૂદ થઈ ગયો છે. સરકાર આ સંપત્તિને કબજામાં લઈને વેચવાની તૈયારીમાં છે. શત્રુ સંપત્તિની હાલની માર્કેટ કિંત અંદાજે ૩૦૦૦ કરોડ રૂપિયા છે. કસ્ટોડિયનની પાસે પડેલી શત્રુ સંપત્તિના શેર વેચવાથી સરકારને આવક તો થશે, સાથે જ તેના ઉપયોગનું લક્ષ્યાંક પણ પૂરું થશે. ત્યારે આ પહેલા જાણી લો કે શુ છે આ કાયદો અને તે કેવી રીતે લાગુ થશે.

૧૯૬૨માં ભારત-ચીન યુદ્ધ અને ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ બાદ ભારત સરકારે આ દેશોમાં જઈને વસેલા ભારતીય નાગરિકોની સંપત્તિ સીઝ કરી હતી. આ સંપત્તિઓને શત્રુ સંપત્તિ બતાવી હતી. આ સંપત્તિઓમાં જમીન, મકાન, પેઢી, શેર, બેંક બેલેન્સ, પ્રોવિડન્ટ સહિત અન્ય ચીજો સામેલ છે. હાલ આ સંપત્તિની દેખરેખની જવાબદારી કસ્ટોડીયન ઓફ એનેમી પ્રોપર્ટી ફોર ઈન્ડિયાની પાસે છે. યુદ્ધ દરમિયાન ચીન અને પાકિસ્તાન છોડનારા ભારતીયોની સંપત્તિની સુરક્ષા કરવામાં અસફળ રહ્યા બાદ ભારત સરકારે આ પગલુ ઉઠાવ્યું હતું.

લોકસભામાં પૂછાયેલ આ સવાલના જવાબમાં ગૃહ મંત્રાલયે દેશમાં ૯૨૮૦ કરોડ અચળ શત્રુ સંપત્તિ હોવાનું જણાવ્યું હતું. આ તમામ સંપત્તિ પાકિસ્તાની નાગરિકો સાથે સંબંધિત છે. આ કુલ સંપત્તિ ૧૨૦૦૦ એકરમાં ફેલાયેલી છે અને તેની કિંમત ૧ લાખ કરોડ રૂપિયાથી વધુ છે.

ભારત અને પાકિસ્તાનની વચ્ચે ૧૯૬૫માં થયેલ યુદ્ધ બાદ તાશકંદ કરારમાં આ વાત પર સહમતી બનાવાઈ હતી કે બંને દેશ વિવાદ દરમિયાન જપ્ત કરાયેલી સંપત્તિઓ અને એસેટ્સને પરત કરશે. જોકે, પાકિસ્તાન સરકારે આ કરારને અમલ ન કરતા ૧૯૭૧માં ભારતીય નાગરિકો અને કંપનીઓ સંબંધિત પાકિસ્તાનમાં આવેલી તેમની સંપત્તિને વેચી દીધી હતી. બીજી તરફ, ભારતમાં આ સંપત્તિઓ હજી પણ કસ્ટોડિયન ઓફ એનેમી પ્રોપર્ટીના નિયંત્રણમાં જ છે. ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં આવી ૮૦ ટકા શત્રુ સંપત્તિઓ છે. તેમાંથી અંદાજે ૯૮ ટકા પાકિસ્તાની નાગરિકો સાથે સંબંધિત છે.

આ પહેલા પણ બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન અંગ્રેજોએ ૧૯૩૯માં ડિફેન્સ ઓફ ઈન્ડિયા એક્ટ લાગુ કર્યો હતો. જેના અંતર્ગત જર્મની, જાપાન અને ઈટલીના નાગરિકોની સંપત્તિને એનેમી પ્રોપર્ટી જાહેર કરી હતી. આવું એટલા માટે કરવામાં આવ્યું હતું કે, આ દેશના નાગરિક ભારતની કોઈ પણ સંપત્તિનો લાભ નહિ લઈ શકે. દેશની આઝાદી બાદ આ એક્ટ નાબૂદ થઈ ગયો હતો.

# અભિનેતા અરમાન કોહલી ઈંગ્લિશ દારૂની ૪૧ બોટલો સાથે ઝડપાયો

મુંબઈ

એકટર અને બિગ બોસના ભુતપૂર્વ કંટેસ્ટેય અરમાન કોહલીની ગઈરાત્રે મુંબઈ પોલીસે ગેરદાયદે દારૂ રાખવાના આરોપમાં ધરપકડ કરી લીધી છે. મળતી માહિતી મુજબ અરમાનની પાસેથી સ્કોચ વ્હિસ્કીની ૪૧ બોટલો મળી આવી હતી.



તમને જણાવી દેવામાં આવે છે કે આની પહેલા અરમાન કોહલી પર તેની ગર્લફ્રેન્ડ નીરુ રંધાવાએ મારઝુડ કરવાનો આરોપલ લગાવ્યો હતો. અરમાન અને નીરુ છેલ્લા ૩ વર્ષથી લીવ ઈન રિલેશનશિપમાં રહે છે. નીરુએ પોતાના આરોપમાં અરમાન કોહલીએ બહુ ખરાબ રીતે માર મારતા પોલીસની મદદ લીધી હતી. બીજી તરફ નીરુએ પોતાને લાગેલી ગંભીર ઈજાઓનો ફોટો અને વીડિયોને સોશિયલ મીડિયા પર શેયર કરી પોતાની આપવીતી જણાવી હતી. આ ઘટના પછઈ એક વાર ફરીથઈ અરમાન પોલીસની નજરમાં આવી ગયા હતા.

મુંબઈના સીનિયર ઓફિસરના કહેવા મુજબ કાયદા મુજબ અહી વધુ દારુ સ્કોચ વ્હીસ્કીની બોટલો મળી છે. તેમણે જણાવ્યુ હતુ કે આરોપમાં અન્ડર સેકશન ૬૩(ઈ) ઓફ બોમ્બે લીકર પ્રોહિબિશેન એકટ, ૧૯૪૯ મુજબ ત્રણ વર્ષની જેલની સજા થઈ શકે છે. પોલીસે દારુનો કેસ નોંધી લીધો છે.

યાદ રહે કે કાનૂની અનુસાર કોઈ પણ શખ્સ ૧૨ બોટલથી વધારે દારુ રાખી શકાતો નથી. બીજી તરફ પ્રવાસ દરમિયાન બે બોટલ રાખી શકો છો. પરંતુ મળતી માહીતી મુજબ અરમાનની પાસેથઈ સ્કોચ વ્હીસ્કીની ૪૧ બોટલો મળી આવી છે. તે આ કેસમાં ખરાબ રીતે ફસાઈ ગયા છે.

અરમાનો ૧૯૯૨માં આવેલ ફિલ્મ વિરોધી થી પોતાના કેરિયરની શરુઆત કરી હતી. તેના પછી તે દુશ્મન, જુગારી, વીર, કહર, દુશ્મની જેવી ફિલ્મોમાં જોવા મળયો હતો. તેમ છતા પોતાની ઓળખ બનાવી શક્યો ન હતો.

# ગાંધીજીની હત્યાનાં ષડયંત્રમાં ગાયકવાડ સહિત પાંચ રજવાડા નામ સામેલ હતાં

નવીદિલ્હી

ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધીએ ગઈકાલે વડોદરાની મુલાકાત લીધી હતી. જેમાં તેમણે મહાત્મા ગાંધીની હત્યા અંગે ઘણાં જ સ્ફોટક નિવેદનો આપ્યાં હતાં. નોંધનીય છે કે દુનિયાની સૌપ્રથમ હેરિટેજ મેરેથોન ધ દાંડી સોલ્ટ ચેલેન્જ સાબરમતી આશ્રમથી દાંડી સુધી ૧૨થી ૨૧ માર્ચ દરમિયાન ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે યોજાવાની છે. જે અંગે તુષાર ગાંધીએ વડોદરા ખાતે માહિતી આપી હતી.

તુષાર ગાંધીએ ગાંધીજીનો વડોદરા સાથેનાં સંબંધ અંગે પણ ઘણી વાતો કરી જેમાં તેમણે કહ્યું કે, ગાંધીજીને વડોદરા સાથે કે ગાયકવાડ સરકાર સાથે કોઈ મતભેદ હતા તેવુ મે વાંચ્યુ નથી. આવી વાત મારા ધ્યાન પર પણ આવી નથી. સાબરમતી આશ્રમ બંધ કરવામાં આવ્યો હતો ત્યારે કસ્તુરબા અને આશ્રમના અંતેવાસી બહેનોએ વડોદરા રાજ્યમાં જ આશ્રય લીધો હતો.

તુષાર ગાંધીએ આ વાતચીત દરમિયાન એક સ્ફોટક વાત પણ કરી હતી કે 'ગાંધીજીની હત્યાનું કારણ શોધવા માટે રચાયેલા કપૂર આયોગે ગાંધીજીની હત્યાના ષડયંત્રકારોમાં પાંચ રજવાડાના નામ પણ આપ્યા હતા. જેમાંથી એક ગાયકવાડ પણ હતા.

### દિલ્હી વિધાનસભામાં પ્રસ્તાવ રજૂ થયો

# પૂર્વ પીએમ રાજીવ ગાંધીને ૮૪ના રમખાણ માટે જવાબદાર ગણી ભારત રત્ન પરત લેવાની માંગ

નવીદિલ્હી

દિલ્હી વિધાનસભામાં પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને મળેલો 'ભારત રત્ન' પુરસ્કાર પરત લેવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. વિધાનસભામાં એક ધારાસભ્ય તરફથી રજૂ કરવામાં આવેલા આ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે રાજીવ ગાંધી ૧૯૮૪ શીખ દંગાની ઘટનાના જવાબદાર હતા જેથી તેમની પાસેથી ભારત રત્ન પરત લઈ લેવો જોઈએ.

દિલ્હી વિધાનસભામાં આજે ૧૯૮૪ શીખ દંગાની પીડિતોને ન્યાય આપવવા માટે એક પ્રસ્તાવ બહુમતથી પાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવના ત્રણ મહત્વપૂર્ણ મુદ્દા એ હતા કે, ૧૯૮૪માં શીખોને શોધી શોધીને ટાયરોથી સળગાવી દેવામાં આવ્યા હતા. તેઓની જાહેરમાં હત્યા કરી નાખી, એવામાં દંગા શબ્દનો ઉપયોગ આ સમગ્ર ઘટનાને નાની બનાવે છે. જેથી હવેથી 'દંગા' શબ્દની જગ્યાએ નરસંહાર શબ્દનો ઉપયોગ કરવામાં આવે. બીજો મુદ્દો દિલ્હી સરકાર દંગાથી પીડિતોને ન્યાય આપવા માટે ગૃહ મંત્રાલય પર દબાણ બનાવે.

ત્રીજો મુદ્દો, ૧૯૮૪ શીખ દંગાનો ઉલ્લેખક કરતા ધારાસભ્યએ કહ્યું કે, " શીખ દંગા વખતે વડાપ્રધાન રાજીવ ગાંધીએ કહ્યું હતું કે જ્યારે કોઈ મોટું વૃક્ષ પડે છે ત્યારે ધરતી હલી જાય છે. તેના આ નિવેદન બાદ શીખો પર જે રીતે અત્યાચાર થયો તેને જોતા અમે માનીએ છે કે આ ઘટનાક્રમ પાછળ રાજીવ ગાંધી જવાબદાર છે. તેથી દિવંગત વડાપ્રધાન રાજીવ ગાંધી પાસેથી ભારત રત્ન પરત લેવાની માંગ સરકાર પાસે કરે છે અને તેના માટે આ પ્રસ્તાવ પાસ કરીએ છે" આ પ્રસ્તાવ પર દિલ્હી કૉંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અજય માકને કહ્યું કે, રાજીવ ગાંધીએ દેશ માટે પોતાનું જીવન કુર્બાન કર્યું. પરંતુ આ પ્રસ્તાવથી આમ આદમી પાર્ટીનો અસલી રંગ ખુલીને સામે આવી ગયો છે. અમે હંમેશા એવું કહી રહ્યાં હતા કે આમ આદમી પાર્ટી ભાજપની બી ટીમ છે.

### રાજીવ ગાંધીનાં ભારતરત્ન વિવાદ મુદ્દે

# આમ આદમી પાર્ટીએ અલકા લાંબાને બરતરફ કર્યા

નવીદિલ્હી

આમ આદમી પાર્ટીએ ધારાસભ્ય અલકા લાંબા પાસેથી રાજીનામું લઈ લીધું છે. સૂત્રોએ જણાવ્યું કે તેમનું પ્રાથમિક સભ્યપદ પણ રદ કરી દીધું છે. દિલ્હી વિધાનસભામાં શુક્રવારે રાજીવ ગાંધીનો ભારત રત્ન પાછો લેવાનો પ્રસ્તાવ પાસ થયો છે. આ પ્રસ્તાવનાં વિરોધમાં અલકા લાંબાએ સદનમાંથી વોકઆઉટ કરી લીધું હતું. વોક આઉટ પછી તેમણે કહ્યું હતું કે આનું જે પણ પરિણામ આવશે તે ભોગવવા તૈયાર છું. અલકા લાંબાએ આ પ્રસ્તાવ પાસ થવાના સમાચાર સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ કર્યા હતા. ત્યારબાદ તેમના પર આ કાર્યવાહી કરવામાં આવી હતી.

જોકે પછી આમ આદમી પાર્ટીએ આ પ્રસ્તાવમાં યુ-ટર્ન લઈ લીધો હતો. ચાંદની ચોકથી આમ આદમી પાર્ટી ધારાસભ્યએ કહ્યું, 'મારા વોક આઉટ કર્યા પછી સીએમે મને મેસેજ કર્યો હતો કે હું રાજીનામુ આપું.' ધારાસભ્યનું પદ છોડવા અંગેનાં સવાલ પર તેમણે કહ્યું કે, 'મેં પાર્ટીની ટિકિટ પર ચૂંટણી જીતી છે. પાર્ટી ઈચ્છશે તો હું રાજીનામું આપવા તૈયાર છું.' લાંબાએ આગળ જણાવ્યું હતું કે , 'રાજીવ ગાંધીએ દેશ માટે ઘણાં બલિદાન આપ્યાં છે અને વિધાનસભામાં મેં તેમનો ભારત રત્ન સન્માન પાછું લેવાનું સમર્થન ન કર્યું.

### શ્રદ્ધાળુઓના ધસારાને ધ્યાનમાં લઈને નિર્ણય

# વૈષ્ણોદેવી દર્શન માટે દિલ્હીથી ખાસ ટ્રેન : શ્રદ્ધાળુઓને રાહત

## નવી શરૂ કરવામા આવેલી વિશેષ ટ્રેન ૨૨ ફેરા લગાવશે

નવી દિલ્હી

ઠંડીના દિવસોમાં શ્રદ્ધાળુઓની વધતી જતી સંખ્યાને ધ્યાનમાં લઈને હવે વૈષ્ણો દેવી દર્શન માટે શ્રદ્ધાળુઓને મોટી રાહત આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આના ભાગરૂપે વૈષ્ણો દેવી દર્શન માટે દિલ્હીથી વૈષ્ણોદેવી કટરા વચ્ચે ખાસ ટ્રેન દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ટ્રેન કુલ ૨૨ ફેરા લગાવનાર છે. માતા વૈષ્ણો દેવી કટરા-દિલ્હી વીકલી સ્પેશિયલ ટ્રેન ૨૩મી ડિસેમ્બરથી ૧૩ જાન્યુઆરી સુધી આ ટ્રેન દોડાવવામાં આવનાર છે. આ ટ્રેન આવતીકાલથી શરૂ કરવામાં આવ્યા દ ૧૩મી જાન્યુઆરી સુધી ચાલશે. દર રવિવારના દિવસે ટ્રેન રવાના કરાશે. આ ટ્રેન કટરાથી રાત્રે નવ વાગે ચાલીને આગામી દિવસો સવારે ૧૧.૨૦ વાગે દિલ્હી પહોંચી જશે. જ્યારે વાપસીમાં આ ટ્રેન ૨૪મી ડિસેમ્બરી ૧૪મી જાન્યુઆરી સુધી દરેક સોમવારના દિવસે દોડાવવામાં આવનાર છે. દિલ્હી જક્શનથી આ ટ્રેન સાંજે ૬.૨૫ વાગે રવાના થયા બાદ આગામી દિવસે સવારે ૯.૦૫ વાગે માતા વૈષ્ણૌદેવી કટરા ખાતે પહોંચી જશે. આના કારણે શ્રદ્ધાળુઓને મોટી રાહત થઈ રહી છે. છેલ્લા કેટલાક સમયથી રેલવે દ્વારા આ દિશામાં વિચારણા કરવામાં આવી રહી હતી.

# નેપાળમાં બસ ખીણમાં ખાબકતા ૨૧નાં મોતઃ ૧૫ વ્યક્તિને ઈજા

મોતિહાર

નેપાળમા સર્જાયેલા માર્ગ અકસ્માતમાં એક યાત્રિકો ભરેલી બસ ૧૬૪૦ ફૂટ ઉંડી ખીણમાં ખાબકતા બસમાં મુસાફરી કરતા લોકો પૈકી ૨૧ વ્યકિતના મોત થયા છે જ્યારે અન્ય ૧૫ લોકોને ઈજા થતા તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામા આવ્યા છે. નેપાળના દાંગ જિલ્લામા આવેલા રાસી હાઈવે પરના તુલસીપુર ઉપ મહાનગરપાલિકા વિસ્તાર નજીકથી પસાર થઈ રહેલી એક યાત્રિક બસના ચાલકે કાબૂ ગુમાવતા બસ ૧૬૪૦ ફૂટ ઉંડી ખીણમાં ખાબકતા બસમાં બેઠેલા મુસાફરો પૈકી ૨૧ લોકોના મોત થયા હતા. જ્યારે આ દુર્ઘટનામા અન્ય ૧૫ લોકોને ઈજા થઈ હતી. આ તમામ ઈજાગ્રસ્તોને તુલસીપુર હોસ્પિટલમાં સારવારઅપાઈ રહી છે. દરમિયાન મળતી માહિતી અનુસાર આ બસમાં જે મુસાફરો જઈ રહયા હતા.

જય કુંભકાર ॥ સંઘે શક્તિ કલૌયુગે ॥ જય કુંભકાર

સમસ્ત પ્રજાપતિ સમાજ સ્નેહ મિલન
ભરૂચ જિલ્લો
≈ આમંત્રણ પત્રિકા ≈



પ્રતિ, _____

આપશ્રીને જાણ કરતા આનંદની અનુભૂતિ થાય છે કે ભરૂચમાં **દ્વિતીય** વખત આપણા ભરૂચ જીલ્લાના સર્વ ગોળ પ્રજાપતિ સમાજનું સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું છે. તો આપને સહકુટુંબ કાર્યક્રમમાં પધારવા માટે આમંત્રણ છે. આ પ્રયાસને આપ પ્રોત્સાહન આપશો. આપના સૌના સાથ અને સહકારથી સૌ ભેગા મળીને સમાજની સેવા કરીએ, સમાજના ઉત્કર્ષ માટે આપણે સૌ સાથે બેસીને ચિંતન કરીએ, એવી આશા સહ આપને ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ.

કાર્યક્રમની રૂપરેખા

- દિપ પ્રાગટય
- પ્રસંગોચિત પ્રવચન
- ઘોરણ - ૫ થી ૧૨ ના પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનું સન્માન
  ( વિદ્યાર્થીએ માર્કશીટની ઝેરોક્ષ કોપી જમા કરાવવી જરૂરી છે. )
- સમાજના અગ્રણીઓનું ઉદ્‌બોધન
- સાંસ્કૃતિક કાર્યક્રમ

તારીખ : ૬-૧-૨૦૧૯, રવિવાર
સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦

સ્થળ : શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિર, સરદાર બ્રીજ પાસે, ને.હા.નં. ૮, ઝાડેશ્વર, ભરૂચ

નોંધ : સ્વરૂચી ભોજન સાથે લઈશું.

----------: સંપર્ક સૂત્રો :----------

મનુભાઈ પ્રજાપતિ, જંબુસર - 96620 54493
દિવ્યાંસુભાઈ પ્રજાપતિ, ભરૂચ નગર - 99250 17231
રાકેશભાઈ પ્રજાપતિ, વાલીયા, હાંસોટ - 94271 15995
સતિષકુમાર ઓઝા, શક્તિનાથ - 99980 05590
ઈશ્વરભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 94274 13050
ભાવિન પ્રજાપતિ, ઝાડેશ્વર ગામ - 97277 26783
યોગેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -98247 83282
ધિરજભાઈ પ્રજાપતિ, ભરૂચ તાલુકો - 99740 53035
ઉર્વેશભાઈ ગુર્જર, જંબુસર તાલુકો - 96877 68831
નિશાંતભાઈ પ્રજાપતિ, આમોદ તાલુકો - 76000 98903
અરૂણભાઈ પ્રજાપતિ, અંકલેશ્વર તાલુકો - 99042 11664
પ્રકાશભાઈ પ્રજાપતિ, માંડવા વિસ્તાર - 94271 08651
જીતેશભાઈ પ્રજાપતિ, ઝઘડિયા તાલુકો - 99247 15146
જીતુભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94292 84130
જયેશભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94273 16041
અતુલભાઈ પ્રજાપતિ, જંબુસર - 98984 11396
મનિષભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99989 46476
ઉમેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99747 07996
જગદિશભાઈ પ્રજાપતિ, આમોદ - 89802 25857
મુકેશભાઈ પ્રજાપતિ, જુના તવરા - 94284 61033
ધર્મેશભાઈ ગુર્જર, ભરૂચ નગર - 81280 95035
દેવેન્દ્રભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 90999 23463
પ્રફોશભાઈ દલવાડી, સી.ડીવી.પોલીસ સ્ટેશન -98241 24395
પ્રભુદાસભાઈ પ્રજાપતિ, જંબુસર - 99255 47487
રમણાભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 96386 29784



### વર્તમાન સમયમાં હોટેલ ઉદ્યોગમાં જોરદાર તેજી આવી રહી છે...

# ફુડની સ્ટાઈલિંગથી કેરિયર બનશે

વર્તમાન સમયમાં ઝડપથી હોસ્પિટાલિટી એટલે કે હોટેલ ઈન્ડસ્ટ્રીઝમાં જોરદાર તેજી આવી ગઈ છે. આ ક્ષેત્રમાં આવીને લોકો જોરદાર કેરિયર બનાવી રહ્યા છે. આ ક્ષેત્રમાં કુશળ લોકો સારા અને ઉંચા પગાર મેળવી રહ્યા છે. આગામી દિવસોમાં હોટેલ ઉદ્યોગમાં હજુ તેજી આવવાના સંકેત છે. આવી સ્થિતીમાં ફુડની સ્ટાઈલિંગથી કેરિયરમાં તેજી આવી શકે છે. દેશમાં સતત ઈન્ટરનેશનલ હોટેલ અને રેસ્ટોરન્ટની એન્ટ્રી થઈ રહી છે. આ ફિલ્ડમાં નોકરીની વ્યાપક તક સર્જાઈ રહી છે. આ તકનો લેવા માટે કેટલીક કુશળતા વિકસિત કરવાની પણ જરૂર છે. આ ક્ષેત્રમાં એક હિસ્સો ફુ સ્ટાઈસ્ટિ છે. હાલથી થોડાક વર્ષ પહેલા સુધી ફુડ સ્ટાઈલિશનો એક મોટો હિસ્સો માત્ર એડ ફિલ્મો, પ્રિન્ટ એન્ડ ફુડ પેકેજિંગ સુધી મર્યાદિત રહ્યા બાદ હવે ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે. હવે ફુડ અને એન્ટરટેઈનમેન્ટના ફેલાવાના કારણે આ ક્ષેત્રમાં ફુડ સ્ટાઈલિસ્ટની બોલબાલા વધી રહી છે. આ ક્ષેત્રમાં ફુ સ્ટાઈલિસ્ટની માંગ દિન પ્રતિદિન વધી રહી છે. આ ઉપરાંત ફ્રી લાન્સર તરીકે કામ કરનાર લોકોને પણ વ્યાપક તક મળી રહી છે. આમાં કેરિયરની શરૂઆત ફ્રી લાન્સર તરીકે થઈ શકે છે. આ ક્ષેત્ર યુવાનોને વધારે સારી તક આપી શકે છે. ફુડ સ્ટાઈલિંગ શુ છે તે અંગે મોટા ભાગના લોકો વાત કરે છે પરંતુ આ બાબત હવે કોઈ નવી રહી નથી. સામાન્ય રીતે ટીવી જાહેરાતો, રેસ્ટોરન્ટ અને ફુડ મેગેઝિનમાં એવી આઈટમ્સ અથવા તો ડિસેઝ જોઈ શકાય છે જેને ખાવા માટે ઈચ્છા થઈ જાય છે. આ બાબત માત્ર પ્રજેન્ટેશનની કલા છે. પ્રજેન્ટેશનની જે કલા રહેલી છે તેને ફુડ સ્ટાઈલિસ્ટ તરીકે ગણવામાં આવે છે. આમાં ફુડ સ્ટાઈલિસ્ટ ફોટોગ્રાફર્સની સાથે મળીને ખુબસુરત ઈમેજ ક્રિએટ કરે છે. ફિલ્મ અથવા તો ટીવી ઈન્ડસ્ટ્રીઝમાં આ બાબતને સારી રીતે જોઈ શકાય છે. ફુડ સ્ટાઈલિસ્ટ ખાવાની વસ્તુઓને આ રીતે સજાવી દે છે જેના કારણે તમામ લોકોની ઈચ્છા ખાવાની થઈ જાય છે. આના કારણે ખાવાની ચીજને ટેસ્ટ કરવા માટે ઈચ્છા થઈ જાય છે. તેના પર ખાવાની અને સજાવટી ચીજોની ખરીદારી પણ હવે વધી રહી છે. ફુડ સ્ટાઈલિસ્ટ પર ખાવા અને સજાવટી સામાનની ખરીદારીથી લઈને ભોજન તૈયાર કરવા તેમજ અન્યચ ાબતોની જવાબદારી રહે છે. તેના ફોટો શુટ કરવાની પણ જવાબદારી રહે છે. ફુડને પ્રજેન્ટ કરતા પહેલા કોન્સેપ્ટ તૈયાર કરવામાં આવે છે. ક્રોકરી, ગ્લાસવે.ર, કટલરી જમા કરવા જેવી જવાબદારી પણ તેમની રહે છે. માત્ર શાનદાર અને તમામને પસંદ પડે તેવા ભોજન બનાવવાની બાબત જ જરૂરી નથી. બલ્કે તેની સાથે તેની રજૂઆત કઈ રીતે કરવામાં આવે છે તે બાબત પણ જરૂરી બની ગઈ છે. આ ફિલ્ડમાં શાનદાર કેરિયર બનાવી શકાય છે. યોગ્યતા અથવા તો લાયકાતની વાત કરવામાં આવે તો આપની પાસે ફુડ નોલેજ રહે તે જરૂરી છે. આની સાથે સાથે ક્રિએટિવ અને વિજ્યુઅલ પાવર પણ રહે તે જરૂરી છે.કોઈ પણ પ્રકારની ડિશને ઈનોવેટિવ સ્ટાઈલમાં રજૂ કરવાની બાબત હવે ઉપયોગી બની રહી છે. જો ડિશને ઈનોવેટિવ સ્ટાઈલમાં રજૂ કરવાની કલા છે તો તેને જોતાની સાથે જ મોમાંથી પાણી આવી જાય તે સ્વાભાવિક છે. આના માટે જે લોકોની પાસે એસ્થેટિક સેન્સ છે તે વ્યક્તિ આમાં શાનદાર કેરિયર બનાવી શકે છે. જે ઉદ્યોગ સાથે જોડાયેલી નવી ચીજો અંગે માહિતી ધરાવે છે તે આ ફિલ્ડમાં શાનદાર કેરિયર બનાવી શકે છે. જે લોકોની પાસે નેટચવર્કિંગ કોશલ્ય છે જે ઉદ્યોગ સાથે સતત સંપર્કમાં રહે છે તે વ્યક્તિને સફળતા વધારે મળી શકે છે. હરિયાણામાં આના માટે કરુક્ષેત્રમાં સારી સંસ્થા આવેલી છે જયાં આ કોર્સ ચાલે છે. ઉપરાંત દિલ્હીમાં ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી તેમજ દિલ્હીમાં જ લક્ષ્ય ભારતી સંસ્થા પણ આ કોર્સ ઉપલબ્ધ કરાવે છે. આધુનિક સમયમાં રોજગારીને લઈને વ્યાપક તક રહેલી છે. જો કે કુશળ લોકોની અછત દેખાઈ રહી છે. કુશળ લોકો સંબંધિત કંપનીઓએ પાસે નહીં હોવાના કારણે બેરોજગારી વધી શકે છે. હોટેલ ઉદ્યોગમાં કેરિયર બનાવવા માટે હાલના સમયમાં યુવાનો આગળ આવી રહ્યા છે. કારણ કે આમાં સારા પગાર પેકેજ રહેલા છે. આ ક્ષેત્રમાં કામ કરતા લોકોની ક્રેડિટ પણ સારી રહેલી છે. જેથી લાભ થઈ રહ્યો છે.





### ફાઈવ સ્ટાર હોટેલ અને અન્યત્ર જગ્યાએ તક છે

## ફુડ સ્ટાઈલિંગના કોર્સ ક્યાં

**ફુડ સ્ટાઈલિંગની બોલબાલા આધુનિક સમયમાં વધી રહી છે. હોટેલ ઉદ્યોગમાં દિન પ્રતિદિન તેજી આવી રહી છે. ફુડ સ્ટાઈલિંગના કોર્સ અનેક જગ્યાએ ચાલી રહ્યા છે. જેમાં પ્રવેશ મેળવીને કેરિયર બનાવી શકાય છે. કોર્સ શુ છે તેને લઈને જ્યારે પ્રશ્ન કરવામાં આવે છે ત્યારે તેનો જવાબ એછે કે આપને કુલિનરી આર્ટમાં બેઝિક ટ્રેનિંગ લેવાની રહેશે. આનાથી જાણકારી મળશે કે અલગ અલગ ફુડ આઈટમ અને તેમાં નાંખવામાં આવતી સામગ્રી એકબીજા સાથે કઈ રીતે ભળી જાય છે અને કઈ રીતે તેની અસર રહે છે. આ ઉપરાંત હોટેલ મેનેજમેન્ટમાં ડિગ્રી હાંસલ કરનાર પણ ફુડ સ્ટાઈલિશમાં પોતાની કેરિયર બનાવી શકે છે. ફાઈવ સ્ટાર હોટેલ, રેસ્ટોરન્ટ્સ, બુક પબ્લિસર્સ, મેગેઝિન એન્ડ એડ, કિચન માર્કેટમાં વ્યાપક તક કુશળ લોકો માટે રહેલી છે. ફુડ ચેઈનમાં પણ કુશળ લોકોને પસંદ કરવામાં આવે છે. રિટેલ સ્ટોર્સ અને ફુડ પેકેજિંગ ઈન્ડસ્ટ્રીઝમાં પણ પણ તક રહેલી છે. ટેલિવીઝન અને ફિલ્મ પ્રોડક્ન હાઉસમાં આને લઈને વ્યાપક તક રહેલી છે. દેશના કેટલાક ભાગોમાં આને લઈન કોર્સ ચાલે છે. પ્રમુખ સંસ્થાની વાત કરવામાં આવે તો તેમાં હરિયાણામાં આવેલી કુરુક્ષેત્રની યુનિવર્સિટી છે. દિલ્હીમાં પણ આના માટે કોર્સ ચાલે છે.**

### ભાગદોડની લાઈફમાં મોટા ભાગે લોકો સપ્તાહમાં કેટલીક વખત બહાર ભોજન કરવાનુ પસંદ કરે છે : નવા ટ્રેન્ડના લીધે ક્ષેત્રમાં ઉજ્જળ કેરિયર

### દેશમાં દરેક ત્રીજી વ્યક્તિ હાઈ બીપીને લઈને પરેશાન છે કારણકે...

# ૫૪ ટકા દર્દી હાઈબીપીથી પરેશાન

આપની વિચારધારા બેકાબુ થઈ રહી છે અને તમે ઈચ્છીને પણ પોતાના ગુસ્સા પર કાબુ મેળવી લેવામાં સફળ સાબિત થઈ રહ્યા નથી તો તે સારા સંકેત નથી. આવી સ્થિતીમાં તરત જ તબીબોનો સંપર્ક કરવાની જરૂર હોય છે. કારણ કે માનસિક રીતે સ્થિતી સારી નથી તે બાબતનો સંકેત આ બાબત આપે છે. બીએમસી પાસેથી મળેલી માહિતી મુજબ ઓક્ટોર ૨૦૧૫થી સપ્ટેમ્બર ૨૦૧૭ ની વચ્ચે શહેરની મુખ્ય હોસ્પિટલમાં ૫.૫૯ લાખ દર્દીઓ આવ્યા હતા. જે પૈકી ૧.૭૪ લાખ એટલે કે આશરે ૩૧ ટકા દર્દી માનસિક સમસ્યાથી પરેશાન હતા. જ્યારે ૧.૨૭ લાખ એટલે કે ૨૩ ટકા દર્દી હાઈ બીપીથી પરેશાન હતા. નિષ્ણાંતોનુ કહેવુ છે કે લાઈફસ્ટાઈલમાં ફેરફાર અને લાઈફમાં વધતા દબાણના કારણે લોકોમાં આ બે સમસ્યા ઝડપથી વધી રહી છે. બોમ્બે હોસ્પિટલના હાર્ટના રોગ નિષ્ણાંત ડોક્ટર અનિલ શર્માએ કહ્યુ છે કે હાઈબીપી લાઈફસ્ટાઈલ આધારિત બિમારી છે. આજના સમયમાં દરેક ત્રીજી વ્યક્તિને તે સમસ્યા છે. જો કે કમનસીબ રીતે તેની ઓળખ થઈ શકતી નથી. વધતી જતી ટેન્શન ખાવા પીવાની ટેવ વધારે ખરાબ હોય છે. તેલ મશાલાના વધારા પડતા ઉપયોગની સ્થિતી પણ જોવા મળી રહી છે. સમયસર ધ્યાન ન આપવાના કારણે સ્તિતી દિન પ્રતિદિન વધારે બગડતી જાય છે. હાઈ બીપીના મુખ્ય રીતે હાર્ટ, દિમાંગ અને કિડની પર સીધી રીતે અસર થાય છે. હાઈબીપીથી બચવા માટે કેટલાક પગલા લઈ શકાય છે. મીઠાના પ્રમાણમાં નિયંત્રિત રાખીને હાઈબીપીથી બચી શકાય છે. આ ઉપરાંત ૨૫ વર્ષની વય પૂર્ણ થઈ ગયા બાદ બ્લડ પ્રેશરની નિયમિત તપાસ કરવાની જરૂર હોય છે. હાઈ બીપીની સ્થિતીથી બચવા માટે લીલી શાકભાજીનો વધારો પ્રમાણમાં ઉપયોગ કરવો જોઈએ. જો પહેલાથી જ ડાયાબિટીસની તકલીફ છે તો તેવા દર્દી વધારે સાવધાન રહે તે જરૂરી છે. માનસિક સમસ્યાથી પણ બચવાની જરૂર છે. વધારે પડતા ટેન્શન ન લેવાની પણ નિષ્ણાંતો સલાહ આપે છે. નિયમિત રીતે ઉંઘ માણવા અને યોગ અને મેડિટેશન કરવાથી ફાયદો થાય છે. ઉદાસી, નિરાશા અને ખુશી અનુભવ ન થવાની સ્થિતીમાં પણ તબીબોને મળવાની સલાહ જાણકાર લોકો અને નિષ્ણાંતો આપેછે.મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના ભારતીયોમાં ડાયાબિટીશના કિસ્સા દિનપ્રતિદિન વધી રહ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના દર પાંચ વ્યક્તિ પૈકી એક માત્ર હાઈપરટેન્શનથી જ ગ્રસ્ત નથી બલ્કે ડાયાબિટીશથી પણ પરેશાન છે. મહારાષ્ટ્રમાં આનાથી પણ ચિત્ર ચિંતાજનક છે. મહારાષ્ટ્રમાં દર ત્રણ વ્યક્તિ પૈકી એક વ્યક્તિ હાઈપરટેન્શન અને ડાયાબિટીશથી પરેશાન છે.તાજેતરમાં જ કરાયેલા અભ્યાસમાં આ મુજબની ચોંકાવનારી માહિતી આપવામાં આવ્યા બાદ આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. સ્કીની ઈન્ડિયાસ ટ્વીન ઈપીડેમીક (એસઆઈટીઈ) દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે આ બ રોગથી મોટાભાગના લોકો પરેશાન થયેલા છે. ભારતના સૌથી મોટા ક્લીનીક આધારિત સર્વેમાં ઘણી બાબતો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. મુંબઈમાં આ સર્વેના તારણો જાહેર કરવામાં આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે એકંદરે આરોગ્ય ચિત્ર ચિંતાજનક છે. ૬૦ ટકા અથવા તો દરેક પાંચ ભારતીયો પૈકી ત્રણ ડાયાબિટીશ અથવા તો હાઈપરટેન્શન અથવા તો બંને રોગથી ગ્રસ્ત છે. મહારાષ્ટ્રમાં આ ટકાવારી ૬૭ ટકાની આસપાસ છે. ચકાસવામાં આવેલા લોકો પૈકી ૪૦ ટકાથી વધુ લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત નજરે પડ્યાં છે. દરેક બીજી વ્યક્તિ હાઈપરટેન્શનથી ગ્રસ્ત છે. એક માત્ર મહારાષ્ટ્ર ઉપર જ ધ્યાન આપવામાં આવે તો અહીં પણ હાલત કફોડી બનેલી છે. ૮ રાજ્યોને આવરી લઈને આ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. મલ્ટી નેશનલ ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા સ્પોન્સર કરીને કરવામાં આવેલા અભ્યાસમાં આઠ રાજ્યોના મોટા શહેરોમાં રહેતા ૧૬,૦૦૦ લોકોને આવરી લઈને સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી.



**૨૫ વર્ષ બાદ નિયમિત રીતે બ્લડ પ્રેશરની તપાસ કરાવવા, માનસિક સમસ્યાથી દુર રહેવા, નિયમિત પુરતી ઉંઘ લેવા માટેની સલાહ**

### હાર્ટની ગતિવિધીને ટ્રેક કરવા એપ્સ ઉપલબ્ધ છે...

# વોચ એપ્સથી હાર્ટને લાભ

આધુનિક સમયમાં વોચ એપ્સથી હાર્ટના મામલાને ઉકેલી શકાય છે. જો તમે હાર્ટ સાથે સંબંધિત ગતિવિધીને ટ્રેક કરવા ઈચ્છો છો તો આના માટે વોચ એપ્સ ઉપલબ્ધ છે. જુદા જુદા પ્રકારના વોચ એપ્સ બજારમાં મળે છે. હાર્ટ રેટના કારણે આપના આરોગ્યની સ્થિતી અંગે માહિતી મળી શકે છે. પરંતુ આપ આપના હાર્ટ રેટને કઈ રીતે ટ્રેક કરો છો તે બાબત સૌથી ઉપયોગી છે. કઈ રીતે તેની હિસ્ટ્રીને સાચવીને રાખી શકાય છે તે બાબત પણ ઉપયોગી છે. જો આપની પાસે નવા એપ્પલ વોચ સિરિઝ ચાર છે તો તે લો અને હાઈ હાર્ટ રેટ્સના સંબંધમાં એલર્ટ કરે છે. હાલમાં ઈસીજી એપ પણ બજારમાં આવનાર છે. અલબત્ત તમારી પાસે જુના એપલ વોચ છે અથવા તો હાર્ટ સાથે સંબંધિત વધારાની માહિતી ઈચ્છો છો તો આપ થર્ડ પાર્ટી એપ્સની મદદથી સ્કીલ મેળવી શકાય છે. એપ્પલ વોચમાં એપ્સ ઈન્સ્ટોલ કરવાની જરૂર હોય છે. એપ ઈન્સ્ટોલ કરવા માટે આઈફોનમાં વોચ એપ ઓપન કરવાની જરૂર હોય છે. એપ્સ બ્રાઉજ કરવા માટે એપ સ્ટોરના ાઈઓકન પર ટેપ કરવાની જરૂર હોય છે. એપ્સને સર્ચ કરવા માટે સર્ચ આઈકન પર ટેપ કરવાની જરૂર હોય છે. જે એપને ઈન્સ્ટોલ કરવા માટે તમારી ઈચ્છા છે તેના પર ટેપ કરવાની જરૂર હોય છે. આની સાથે જ તે એપ્પલ આઈફોન અને વોચ બંને પર આવી જશે. ટોકિંગ હાર્ટ રેટ પણ હોય છે. જો તમે પોતાની વોચને સતત જોવા માટે ઈચ્છુક નથી તો તમે હાર્ટ રેટ પણ સાંભળી શકાય છે. ટોકિંગ હાર્ટ રેટ પોતાના નામ મુજબ કામ કરે છે. તે આપના હાર્ટ રેટને ટ્રેક કરે છે.



### સગર્ભાવસ્થા દરમિયાન ફિશ ઓઈલ ઉપયોગી છે

# ફિશ ઓઈલ ખુબ ઉપયોગી

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે જે મહિલાઓ સગર્ભા અવસ્થા દરમિયાન માછલીના તેલનો ઉપયોગ કરે છે તેમના બાળકો એકઝીમાંથી બચી જાય છે. એડીલેડ યુનિવર્સિટીના સંશોધકોએ પોતાના નવા અભ્યાસમાં જણાવ્યું છે કે જે મહિલાઓ સગર્ભા અવસ્થા દરમિયાન ઓમેગા-૩ના વધારાના જથ્થોનો ઉપયોગ કરે છે તેમના બાળકોની સ્કીન વધુ સારી રહે છે. આ ઉપરાંત આ બાળકોમાં જન્મના દિવસથી પહેલાં એકઝીમાની તકલીફ થતી નથી. આવા બાળકોમાં એકઝીમા પેદા નહીં કરવાની ક્ષમતામાં ૫૦ ટકાનો વધારો થઈ જાય છે. બ્રિટનના જાણીતા અખબાર ડેલી મેલે ઓસ્ટ્રેલિયાના સંશોધકોને ટાંકીને જણાવ્યું છે કે ઓમેગા-૩ માતાથી બાળકોમાં પ્લેસેન્ટા મારફતે થાય છે. માછલીના તેલના લીધે બાળકોમાં રોગપ્રતિકારક શક્તિમાં પણ વધારો થાય છે જે બાળકોને એકઝીમાંથી પણ બચાવે છે. અધિયનમાં સંશોધકોએ ૭૦૬ જેટલી સગર્ભા મહિલાઓને ધ્યાનમાં લીધી હતી. તેમના પરિવારિક ઈતિહાસની પણ નોંધ લેવામાં આવી હતી. જે લોકોના પરિવારમાં એલર્જીની સમસ્યા હતી તે મહિલાઓને પણ આવરી લેવામાં આવી હતી.

### વહેલી તકે મોતની આશંકા ૧૦ ટકા સુધી વધી જવાનો ખતરો...

# મોડી રાત સુધી જાગવાની ટેવ ઘાતક

મોડી રાત સુધી જાગવાની ટેવ છે તો હવે સાવધાન થઈ જવાની જરૂર છે. કારણ કે મોડી રાત સુધી જાગવાની ટેવના કારણે વહેલી તકે મોતની આશંકા ૧૦ ટકા સુધી વધી જાય છે. જો તમે લાંબી જિન્જગી જીવવા માંગો છો અને માનસિક તાણને દુર રાખવા માટે ઈચ્છો છો તો વહેલી તકે રાત્રે બિસતરમાં ઘુસી જવાની ટેવ પાડવી પડશે. એક રિસર્ચમાં પણ આ બાબત સપાટી પર આવી ચુકી છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે જો લોકો મોડી રાત સુધી જાગે છે અને સવારે મોડે સુધી ઉંઘતા રહે છે તેમનામાં વહેલી તકે ઉંઘી જવા ને જલ્દીથી ઉઠી જનાર લોકોની તુલનામાં મરવાની આશંકા ૧૦ ટકા વધારે રહે છે. જે લોકો મોડી રાત સુધી બિસ્તરથી દુર રહે છે અને સવારે મોડા સુધી સુતા રહે છે તે જલ્દી ઉઠી જનાર લોકોની સંખ્યામાં ઓછા સમય સુધી જીવી શકે છે. બ્રિટનમાં ૩૮ વર્ષથી લઈને ૭૩ વર્ષના ચાર લાખ ૩૦ હજાર લોકોને આવરી લઈને કરવામાં આવેલા રિસર્ચમાં કેટલીક બાબતો સપાટી પર આવી છે. ઈંગ્લેન્ડની સરે યુનિવર્સિટીના સંશોધક અને રિપોર્ટના સહ લેખક માલ્કમ વૈન શેટ્જ કહે છે કે આ લોકોના આરોગ્ય સાથે જોડાયેલા મહત્વના વિષય તરીકે છે. હવે આને નજર અંદાજ કરી શકાય નહી. શિકાગોની નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટીના સંશોધક અને રિપોર્ટના સહ લેખક ક્રિસ્ટન કહે છે કે રાતના ગાળામાં મોડે સુધી જાગનાર લોકોમાં શારરિક સમસ્યા વધારે રહે છે. શોધમાં સામેલ કરવામાં આવેલા લોકોનુ કહેવુ છે કે આશરે ૨૭ ટકા લોકોએ પોતાને સંપૂર્ણ પણે સવારમાં કામ કરનાર વ્યક્તિ તરીકે ગણાવ્યા છે. બીજા ૩૫ ટકા લોકોએ મોટા ભાગે કામ સવારમાં અને કેટલુક કામ સાંજે કરનાર તરીકે ગણાવ્યા છે. બીજા ૨૮ ટકા લોકોએ કહ્યુ છે કે તેઓ સાંજે વધારે અને સવારમાં ઓછુ કામ કરે છે. જયારે નવ ટકા લોકો સંપૂર્ણપણે પોતાને સંપૂર્ણ પણે સાંજે કામ કરનાર તરીકે ગણે છે. શોધમાં આ પ્રકારના લોકોના વજન, ધુમ્રપાનની ટેવ, સામાજિક અને આર્થિક સ્થિતીને પણ ધ્યાનમાં લેવામાં આવી છે. છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી રહેલી આ રિસર્ચમાં સાઢા છ વર્ષના ગાળા દરમિયાન થયેલા મોતના મામલે અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ગાળા દરમિયાન કુલ ૧૦ હજાર ૫૦૦ મોતનો આંકડો સપાટી પર આવ્યો હતો.શોધ કરનાર લોકોએ આંકડામાં અભ્યાસ કર્યા બાદ કહ્યુ છે કે જે ગ્રુપના લોકો રાત્રી ગાળામાં વધારે જાગતા હતા તેમાં મોતનો આંકડો વધારે છે. તેમનામાં વહેલી તકે ઉઠી જનાર અને વહેલ તકે બિસ્તરમાં ઘુસી જનાર લોકો કરતા મોતનો આંકડો દસ ૧૦ ટકા વધારે છે. આની સાથે સાથે મોડી રાત સુધી કામ કરનાર લોકોમાં અન્ય કેટલીક સમસ્યા રહે છે. જેમાં ડાયાબિટીસ, પેટ અને શ્વાસ લેવાની તકલીફ, મનોવૈજ્ઞાનિક વિકાર, ઓછી નિંદની સમસ્યા જોવા મળે છે. સાથે સાથે આ લોકો ધુમ્રપાન, શરાબ અને કોફીનો ઉપયોગ વધારે કરે છે. શોધમાં અભ્યાસ બાદ દાવો કરવામાં આવ્યો છે કે આ લોકોમાં મોતનો ખતરો વધારે હોય છે. કારણ કે મોડે સુધી સુઈને ઉઠવાના કારણે તેમની બાયલોજિકલ ક્લોક પોતાના આસપાસના વાતાવરણના કારણે મેળ ખાતી નથી.

### ભારતીય મુળના અર્થશાસ્ત્રીઓને રજૂઆત કરી

# બજેટ : માતૃત્વ લાભ, પેન્શન રકમ વધારી દેવાની માંગણી

**ટુંક સમયમાં રજૂ કરવામાં આવનાર બજેટમાં સામાજિક સુરક્ષા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા માટેની રજૂઆત કરાઇ**

નવ દિલ્હી

કેન્દ્રિય બજેટ આડે વધારે દિવસો રહ્યા નથી ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર દ્વારા બજેટ તૈયાર કરવાની કવાયત જોરદાર રીતે જારી રાખી છે. વર્તમાન સરકાર તેની અવધિમાં અંતિમ બજેટ રજૂ કરનાર છે. બજેટને લઇને જુદી જુદી રજૂઆત કરવામાં આવી રહી છે. જુદા જુદા વિભાગો અને ક્ષેત્રો તરફથી સતત રજૂઆત કરવામાં આવી રહી છે. હવે ભારતીય મુળના ૬૦ અર્થશાસ્ત્રીઓએ કેન્દ્રિય નાણાં પ્રધાનને પત્ર લખીને જોરદાર રજૂઆત કરી હતી. જેમાં અર્થશાસ્ત્રીઓ દ્વારા માતૃત્વ લાભને વધારી દેવા અને પેન્શનની રકમને વધારી દેવાની પણ માંગ કરી છે. જેટલીને વર્ષ ૨૦૧૭માં પણ પત્ર લખવામાં આવ્યો હતો. પત્રમાં લખવામાં આવ્યુ છે કે સામાજિક સુરક્ષાની યોજના પર વધારે ધ્યાન આપવાની જરૂર છે.બજેટમાં વર્ષ ૨૦૧૭ની જેમ જ રજૂઆત કરી રહ્યા છીએ તેમ અર્થશાસ્ત્રીઓ દ્વારા કહેવામાં આવ્યુ છે. ભલામણમાં એવી માંગ પણ કરવામાં આવી છે કે સુપ્રીમ કોર્ટના ૨૮મી નવેમ્બર ૨૦૧૮ના આદેશ મુજબ લાભાર્થીને પેન્શન અને લાભ રકમ પ્રતિ મહિને સાતમી તારીખે મળી જાય તે જરૂરી છે. સામાજિક સરક્ષા યોજના પર ધ્યાન આપવાની જરૂર છે. આ યોજના હેઠળ દેશભરમાં વરિષ્ઠ નાગરિકોને પેન્શન આપવામાં આવે છે.

રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્સન યોજનામાં કેન્દ્ર સરકારની હિસ્સેદારી ૨૦૦૬થી ૨૦૦ રૂપિયા પ્રતિ મહિના રહેલી છે. પત્ર મુજબ આ બાબત યગ્ય નથી. કેન્દ્ર સરકારનુ યોગદાન આમાં વહેલી તકે ૫૦૦ રૂપિયા કરવામાં આવે તે જરૂરી છે. વિધવા પેન્શનમાં હિસ્સેદારી ૩૦૦ રૂપિયાથી વધારીને ૫૦૦ રૂપિયા પ્રતિ મહિના કરવાની વાત કરવામાં આવી છે. માતૃત્વ લાભને લઇને પણ રજૂઆત કરવામાં આવી છે. રાષ્ટ્રીય ખાદ્યાન સરક્ષા કાનન ૨૦૧૩ હેઠળ માતૃત્વ લાભની રકમ ૬૦૦૦ રૂપિયા પ્રતિ બાળક હતી. અર્થશાસ્ત્રીઓની રજૂઆત છે કે તેને પણ વધારી દેવામાં આવે તે જરૂરી છે. કેન્દ્ર અને રાજ્યો દ્વારા આપવામાં આવતી હિસ્સેદારી વધારી દેવાની રજૂઆત કરવામાં આવી છે. પત્રમાં ભારતીય મુળના ૬૦ અર્થશાસ્ત્રીઓ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. બજેટ આડે હવે વધારે સમય નથી ત્યારે જુદા જુદા વિભાગો દ્વારા પોત પોતાની રજૂઆત કરવામાં આવી રહી છે.ખેડુતોની નારાજગીને ધ્યાનમાં લઇને કેટલીક જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. કારણ કે હાલમાં યોજાયેલી પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની કારમી હાર થઇ હતી.

રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢ જેવા રાજ્યો ભાજપના હાથમાંથી નિકળી ગયા છે. આવી સ્થિતીમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં સરકાર સાવધાનીપૂર્વક બજેટ રજૂ કરવા માટે ઇચ્છુક છે. ખાસ કરીને ખેડુતોને રાહત આપવામાં આવે તેમ માનવામાં આવે છે.

# પાક.માં ભારતીય રાજદ્વારીઓ પર ફરી શરૂ થયેલો અત્યાચાર

નવીદિલ્હી

પાકિસ્તાનમાં ફરી એકવાર ભારતીય રાજદ્વારીઓ પર વિવિધ પ્રકારે અત્યાચાર શરૂ થયાના અહેવાલ છે. જેમાં પાકિસ્તાનમાં રહેલા ભારતીય રાજદ્વારીઓને નવા ગેસ કનેકસન આપવામા આવતા નથી.તેમજ તેમને ત્યાં આવતા મહેમાનોનું પણ શોષણ કરવામા આવી રહ્યુ છે. જયારે કેટલાંક વરિષ્ઠ અધિકારીઓને ઈન્ટરનેટ સેવા પણ આપવામા આવતી નથી. આટલુ ઓછુ હોય તેમ થોડા દિવસ પહેલા એક અધિકારીના ઘરમાં એક ઘુસણખોર ઘુસી ગયો હોવાની ઘટના બહાર આવતા આ મામલે ભારતે પાક.ના વિદેશ મંત્રાલય સમક્ષ રજૂઆત કરી છે.

જોકે પાકિસ્તાનમાં રહેલા ભારતીય રાજદ્વારીઓ પર આવી યાતનાઓ ગુજારવાની આ પહેલી ઘટના નથી. આ અગાઉ પણ આવી રીતે અનેકવાર ભારતીય રાજદ્વારીઓનું હેરેસમેન્ટ થઈ ચુકયુ છે. થોડા સમય બાદ હવે ફરી પાકિસ્તાનનો નાપાક ચહેરો બહાર આવી ગયો છે. અને પાક.માં રહેલા ભારતીય રાજદ્વારીઓ પર આવી રીતે જુલ્મ ગુજારવાનું શરૂ કરતા ભારત સરકારે આ મામલે પાક.ના વિદેશ મંત્રાલયને જાણ કરી ભારતીય રાજદ્વારીઓની થતી હેરાનગતિ રોકવા અપીલ કરી છે.

# આખરે માની ગયા પાસવાન, ભાજપ એલજેપીને ૬ બેઠકો આપવા તૈયાર

**ભાજપ એલજેપીને રાજ્યસભાની એક બેઠક પણ આપશે**



નવી દિલ્હી

રામવિલાસ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી અને ભાજપ વચ્ચે આખરે લોકસભાની બેઠકોની વહેંચણીના મુદ્દે સમાધાન થઈ ગયુ છે.

આજે તેની સત્તાવાર જાહેરાત થાય તેવુ અનુમાન છે.જોકે મળતી વિગતો પ્રમાણે ભાજપ એલજેપીને ૬ બેઠકો આપવા તૈયાર છે.આ પૈકી એક બેઠક યુપીમાં ફાળવવામાં આવશે. આ સીવાય એલજેપીને ભાજપ રાજ્યસભાની એક બેઠક પણ આપશે.

એનડીએ દ્વારા બિહારની બેઠકોની વહેંચણીની જાહેરાત ભાજપ, જેડીયુ અને એલજેપી દ્વારા ભેગા થઈને કરવામાં આવશે. આમ અમિત શાહ અને અરુણ જેટલીએ પાસવાનને મનાવી લીધા હોય તેમ લાગી રહ્યુ છે.



### જમ્મુ કાશ્મીરમાં ચિલ્લાઇ કલાનો ગાળો શરૂ

# ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ જારી : લોકોની હાલત કફોડી

**જમ્મુ કાશ્મીરમાં આગામી ૪૦ દિવસ સુધી લોહી જમાવી દે તેવી ઠંડી પડશે : ઠંડીથી ઉત્તર ભારતમાં સેવાને અસર**

નવી દિલ્હી

સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી પડી રહી છે. કાતિલ ઠંડીના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. જનજીવનને પણ અસર થઇ રહી છે. વાહન વ્યવહાર અને ટ્રેન સેવાને અસર થઇ રહી છે. ધુમ્મસની ચાદર જોવા મળી રહી છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં ચેલ્લાઇ કાલાના નામથી જાણીતા ઠંડીના સૌથી ખતરનાક ગાળાની શરૂઆત થઇ ગઇ છે. દિલ્હીમાં પણ હાડ થિજવતી ઠંડી પડી રહી છે. જમ્મુ કાશ્મીરમાં ચિલ્લાઇ કલાનો ગાળો શરૂ થયા બાદ હવે આ ગાળો ૩૧મી જાન્યઆરી સુધી જારી રહેશે. કાશ્મીરમાં તો આ ગાળો આના કરતા પણ વધારે સમય સુધી રહી શકે.ચે.ય શ્રીનગરમાં પારો માઇનસ ૪.૪ થઇ ગયો છે. આવી જ રીતે લડાખ પ્રદેશના લેહ ખાતે પારો માનિસ ૧૨.૭ સુધી નીચે રહ્યો છે. લોહી જમાવી દે તેવી ઠંડી પડી રહી છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં પણ કાતિલ ઠંડી પડી રહી છે. હરિયાણાના નારનોલ ખાતે પારો ૨.૫ ડિગ્રી સુધી નીચે રહ્યો છે. રાજસ્થાનના માઉન્ટ આબુ અને અન્ય વિસ્તારોમાં લોકોની હાલત કફોડી બનેલી છે.ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીથી હાલમાં કોઇ રાહત મળે તેવી શક્યતા ઓછી છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં જનજીવન પર અસર થઇ છે. ધુમ્મસના કારણે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં મોટા ભાગના વિસ્તારોમાં માઇનસમાં તાપમાન છે. પંજાબના ભટિન્ડા ખાતે પારો ૨.૬ ડિગ્રી રહ્યુ છે. અમૃતસરમાં ૩.૩ ડિગ્રી તાપમાન રહ્યુ છે. ગુરુદાસ પુરમાં ૫.૬ ડિગ્રી સુધી તાપમાન થયુ છે. ધુમ્મસની સ્થિતી વચ્ચે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ધુમ્મસની સ્થિતીના કારણે વિમાની અને ટ્રેન સેવાને અસર થઇ હતી. ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. બીજી બાજુ ધુમ્મસના પરિણામસ્વરૂપે ૫૨ ટ્રેનો લેટ થઇ છે. અનેક ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. સમગ્ર ઉત્તર ભારતમાં છેલ્લા એક સપ્તાહથી પણ વધુના સમયથી ધુમ્મસની ચાદર છવાયેલી જોવા મળી છે જેને લઇને દિલ્હી, એનસીઆર, નોઇડા સહિત છેક ઉત્તર પ્રદેશ સુધી પણ તેની અસર જોવા મળી રહી છે. આ મહિનાની શરૂઆતથી સતત છવાયેલા રહેલા ધુમ્મસના પગલે વાહન વ્યવહાર ઉપર તેની ગંભીર અસરો જોવા મળી છે. જમ્મુ કાશ્મીરમાં કાતિલ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે.

# નાસાના ઈનસાઈટ લેન્ડરે મંગળ પર પ્રથમ ઉપકરણ સ્થાપિત કર્યું

વોશિંગટન

નાસા દ્વારા પ્રક્ષેપિત ઈનસાઈટ લેન્ડરે મંગળની સપાટી પર તેના પહેલા ઉપકરણને સ્થાપિત કરવાની અનોખી સિધ્ધિ મેળવી લીધી છે.આ ઉપકરણને નાસાના મુખ્ય મિશન માટે નીવનો પથ્થર માનવામા આવી રહ્યો છે. નાસાએ દાવો કર્યો છે કે આ ઉપકરણની મદદથી વૈજ્ઞાનિકો મંગળ ગ્રહના આંતરિક ભાગોની જાણકારી મેળવી શકશે.

નાસાએ આ અંગે એક નિવેદનમાં જણાવ્યુ છે કે તેના લેન્ડરે જે તસવીરો મોકલાવી છે તેમાં સપાટી પર રાખેલુ ભૂકંપને માપવાનુ યંત્ર જોવા મળી રહ્યુ છે. નાસાની જેટ પ્રોપલશન લેબોરેટરી(જેપીએલ)માં કાર્યરત ઈનસાઈટ પ્રોજેકટ મેનેજર ટોમ હોફમેને જણાવ્યુ હતુ કે મંગળ ગ્રહ ઈનસાઈટની હિલચાલનુ સમયપત્રક અમારી અપેક્ષા કરતા પણ વધુ સારુ થઈ ગયુ છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે મંગળની સપાટી પર સુરક્ષિત રીતે સિસ્મોમીટર લગાવવાની સિધ્ધિને ક્રિસમસની શાનદાર ભેટ ગણી શકાય.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત ૨૬ નવેમ્બરે મંગળની સપાટી પર ઉતર્યા બાદ ઈનસાઈટની ટીમ સાવચેતીપૂર્વક મંગળની જમીન પર પૂર્ણ રીતે સત્રમ બે વૈજ્ઞાનિકો ઉપકરણોને તહેનાત કરવાન દિશામાં કામ કરી રહ્યા છે, તેમજ મંગળ પર પાણી હોવાના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.


CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાલ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અલ્પ શૌક્ષણી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ સમાધાન સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ મિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધી બિમ્યે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની ડાઈરેક્ટ રૂપિયા કામ મુજબ ચપેલ આવકમાંથી ચુકવણા જશે, જે માટે સાથે ડાઉનલોડ ફોરમ પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in

આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થનાર મોટી આવક કમાવેલા પૈસામાંથી

(PLAN - A)
ભાડીના ૧૫૫૦/- (ઓછો મોકલી કપાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા છે વર્ષ માટે ૩૦૦૦/- (ઓછો મોકલી કપાવી)
આપનો કોડ બીજા છે વર્ષ માટે રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.

આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

| માત્ર ૫૫૦/-માં PLAN - A | |
|---|---|
| LEVEL | INCOME |
| 1st | 100/- |
| 2nd | 70/- |
| 3rd | 50/- |
| 4th | 40/- |
| 5th | 30/- |
| Total | 290/- |

| માત્ર ૩૦૦૦/-માં PLAN - B | |
|---|---|
| LEVEL | INCOME |
| 1st | 750/- |
| 2nd | 500/- |
| 3rd | 300/- |
| 4th | 200/- |
| 5th | 100/- |
| Total | 1850/- |

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશેષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com



મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

| ક્રમ | કોર્ષનું નામ | પ્રવેશ લાયકાત |
|---|---|---|
| ૧ | બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ) | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે) |
| ૨ | જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.) | ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે) |
| ૩ | ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.) | ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ |

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૫ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ ક્લાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802










# ગુજરાતભરમાં ઠંડીનો ચમકારો યથાવત, નલિયામાં તાપમાન લઘુત્તમ ૫.૨ ડિગ્રી

ગાંધીનગર

ગુજરાતભરમાં ઠંડીનું જોર સતત વધતુ જઈ રહ્યું છે. ગાત્રો થીજાવતી ઠંડીથી લોકો ઠુઠવાઈ રહ્યાં છે.એક તરફ કડકડતી ઠંડી અને તેમાય તેજ ગતિએ વાતા ઠંડા પવને લોકોના હાલ બેહાલ કર્યા છે.

ઠંડીનું પ્રમાણ વધતા તેની અસર જનજીવન પર વર્તાઈ રહી છે. જ્યાં સવારે અને સાંજે માર્ગો પર સન્નાટો જોવા મળી રહ્યો છે. ગરમ વસ્ત્રો અને તાપણાનો સહારો લઈ લોકો ઠંડીથી બચવા પ્રયાસ કરી રહ્યાં છે. આપને જણાવી દઈયે કે માયનસ ૫.૨ ડિગ્રી સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર તરીકે નોંધાયું છે. આગામી દિવસોમાં ઠંડી હજી વધવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદ સહિત ગુજરાતમાં છેલ્લા એક અઠવાડિયામાં ઠંડીનું જોર વધવાની સાથે સાથે વહેલી સવારે અને મોડી સાંજ બાદ શહેરીજનોને રીતસરના ઠુંઠવાવાનો વારો આવી રહ્યો છે.

માઉન્ટ આબુમાં શુક્રવારે પણ લઘુત્તમ તાપમાન માઇનસ ૧ ડિગ્રી નોંધાયું હતું. જેના લીધે વાહનો સહિત પાણીના પાત્રોમાં બરફ બાઝી ગયો હતો.

ગુજરાતના લોકો માટે સ્વર્ગ સમાન ગણાતા માઉન્ટ આબુમાં છેલ્લા અઠવાડિયાથી સતત ઠંડીનો ચમકારો યથાવત્ રહેતા જનજીવન પર માઠી અસર પડી રહી છે. માઉન્ટની લીલી લીલી હરિયાળી પર છેલ્લા અઠવાડિયાથી બરફની સફેદ ચાદર ઢંકાઇ ગઇ છે.

દિવસભર પણ વાતાવરણ ઠંડું રહેવાને કારણે લોકો ગરમ વસ્ત્રો પહેરીને બહાર નીકળવાનું પસંદ કરી રહ્યા છે. શુક્રવારે અમદાવાદ શહેરનું લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે નલિયા ૫.૨ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર નોંધાયુંહ તું. શુક્રવારે મહત્તમ તાપમાનમાં બે ડિગ્રીનો વધારો નોંધાયો હતો. પવનની ગતિ અને દિશા બંને બદલાયા હતા.

હવામાન વિભાગ દ્વારા વિવિધ શહેરોના લઘુત્તમ તાપમાનની જાહેર કરેલી વિગતો પ્રમાણે શુક્રવારે ડિસાનું તાપમાન ૯.૪ ડિગ્રી, વડોદરાનું ૧૦.૪ ડિગ્રી, સુરતનું ૧૪.૧ ડિગ્રી, રાજકોટનું ૧૧.૭ ડિગ્રી, પોરબંદરનું ૧૪.૩ ડિગ્રી, ગાંધીનગરનું ૯.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરનું ૧૨.૩ ડિગ્રી, અમરેલીનું ૧૦ ડિગ્રી, કંડલા એરપોર્ટનું લઘુત્તમ તાપમાન ૮.૨ ડિગ્રી નોંધાયું હતું.

### રિશિયાના રાષ્ટ્રપતિ

# વ્લાદિમીર પુતિન તેમનાથી ૩૧ વર્ષ નાની જિમ્નાસ્ટ એલીના સાથે લગ્ન કરશે !

નવીદિલ્હી

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ફરી લગ્ન કરવાનો સંકેત આપ્યો છે. માનવામાં આવે છે તે તેની જીવનસાથી ૧લે મરસ ઓલિમ્પિક ચેમ્પિયન જિમ્નાસ્ટ એલીના કાબાયેવા બની શકે છે. બંનેના અફેરની ચર્ચા ઘણા સમયથી સાંભળવા મળે છે. એલીના કાબાયેવા બે વખત ઓલિમ્પિક મેડલ જીતી ચૂકી છે. ૧૨ વખત વર્લ્ડ ચેમ્પિયન રહી છે. લયબદ્ધ જિમ્નાસ્ટિકમાં ૨૫ વખત યૂરોપિય ચેમ્પિયન બનવાની સિદ્ધિ મેળવી છે. એલીનાનું પુરુ નામ એલીના મારાતોવ્ના કાબાયેવા છે. તેની ઉંમર ૩૫ વર્ષની છે. તે જયાં પણ જયાં ત્યાં આકર્ષણનું કેન્દ્ર બને છે. એલીના જેટલી હસીન છે તેટલી જ સ્માર્ટ પણ છે. ઘણા સમયથી કહેવાઈ રહ્યું છે કે આ સુંદર મહિલાને રશિયાના સર્વશક્તિમાન રાષ્ટ્રપતિ પુતિન પોતાનું દિલ દઈ બેઠા છે અને હવે બંને લગ્ન વિશે વિચાર કરી રહ્યા છે. રશિયાના મીડિયામાં આ બંનેના સંબંધો પર કોઈ ચર્ચા થતી નથી પણ છેલ્લા ઘણા સમયથી વિદેશી મીડિયામાં બંનેના સંબંધો પર ઘણું છપાય છે. માનવામાં આવે છે કે એલિના જયારે ૨૦૦૪માં એથેન્સ ઓલિમ્પિકમાં જિમ્નાસ્ટિકમાં ગોલ્ડ મેડલ જીતીને પરત ફરી તો તેની મુલાકાત પુતિન સાથે થઈ હતી. પુતિન તેની તરફ આકર્ષાયા ગયા અને રાજનીતિમાં આવવા આમંત્રણ આપ્યું હતું.

જલ્દી એલીનાએ રમતમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી અને રાજનીતિમાં આવી ગઈ હતી. પુતિનની મદદથી ૨૦૦૫માં તે પબ્લિક ચેમ્બરની સભ્ય બની હતી. બે વર્ષ પછી તે રશિયાની સંસદ ડ્યૂમાની સભ્ય બની હતી. થોડા સમય પણ તેણે સાંસદનું પદ પણ છોડી દીધું હતું.

એલિનાને રશિયાના નેશનલ મીડિયા ગ્રૂપની ચેરમેન બનાવી દીધી હતી, જે દેશની ચાર મોટી ટીવી ચેનલોને નિયંત્રણ કરે છે. હવે તે આ મીડિયા ગ્રૂપની બોસ છે. આ ચેનલના માલિક યૂરી કોવાલચૂક છે. જે રશિયાના મોટા ઉદ્યોગપતિ છે અને પુતિનના ખાસ છે. તેને પુતિનના સૌથી મોટા કેશિયર પણ કહેવાય છે. આખી દુનિયા એલીનાને પુતિનની ગર્લફ્રેન્ડ કહે છે. રશિયામાં અંદર ખાને બધા કહે છે કે બંને વચ્ચે ગાઢ સંબંધ છે. એમ પણ કહેવાય છે કે પુતિન અને તેના બે બાળકો પણ છે. બંને વચ્ચે ઉંમરનો પણ ઘણો ગેમ છે. પુતિન ૬૬ વર્ષના છે ત એલીના ૩૫ વર્ષની છે. પુતિન ૨૦૦૮થી પોતાના પત્ની લ્યૂડમિલાથી અલગ રહે છે. બંનેએ લવ મેરેજ કર્યા હતા. બાદમા મતભેદ થતા અલગ થઈ ગયા હતા.

### સમસ્યા : ખેડુતોને બજારમાં ઓછા ભાવ મળે છે

# સમર્થન મુલ્યો ન મળતા ચૂંટણીમાં અસર દેખાશે

## સરકારી ખરીદી વ્યવસ્થા નબળી હોવાની વિગતો ખુલી

નવી દિલ્હી

મોદી સરકાર ખેડુતોની નારાજગીને દુર કરવા માટે બનતા તમામ પ્રયાસ કરી રહી હોવા છતાં ખેડુતોની નારાજગી દુર થઈ રહી નથી. આની અસર હવે ચૂંટણી પર પડી શકે છે. બજારમાં ખેડુતોને ઓછી રકમ મળી રહી છે. આવી સ્થિતીમાં તેમની નારાજગી અકબંધ રહી છે. આ મુદ્દો લોકસભા ચૂંટણીમાં પણ તેની અસર દર્શાવી શકે છે. પાકના લઘુતમ સમર્થન મુલ્ય વ્યવસ્થથી ખેડુતોને કોઈ ખાસ લાભ મળી રહ્યા નથી. જેના કારણે સરકારની મુશ્કેલી વધી રહી છે. આદામી લોકસભા ચૂંટણીમાં તેની અસર જોવા મળી શકે છે. તાજેતરના દિવસોમાં ખેડતોને તેમની પેદાશોને ઓછી કિંમતે વેચી દેવાની ફરજ પડી હતી. બજારમાં સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા ભાવ કરતા ઓછા ભાવે તેમની પેદાશોને ખેડતોને હાલમાં વેચી મારવાની ફરજ પડી હતી. આને લઈને ખેડુતોની નારાજગી જોવા મળી શકે છે. રાજકીય અસર તેની થઈ શકે છે. હાલમાં પાંચ રાજયોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ખેડુતોની નારાજગી સ્પષ્ટપણે સપાટી પર આવી હતી. મોદી સરકારે જુલાઈ મહિનામાં ખેડુતોને તેમના ખર્ચ કરતા દોઢ ગણી રકમ આપવાની જાહેરાત કરી હતી. આંકડાના કહેવા મુજબ સરકારને ઉત્પાદિત ઘંઉના એક તૃતિયાંશ હિસ્સો, જયારે ડાંગરની ૪૦ ટકા હિસ્સાની ખરીદી કરી હતી. બાકીના જથ્થાને ખેડુતોને તેમના સમર્થન મુલ્ય કરતા ઓછા ભાવે વેચી દેવાની ફરજ પડી હતી. સરસિયા, તળ, સહિત કઠોળ તેમજ અન્ય ચીજોની કિંમત સરકાર દ્વારા નક્કી કરવામાં આવી રહી છે. બાજારની કિંમત નિર્ધારિત મુલ્ય કરતા ૨૪ ટકા ઓછા રહ્યા હતા.

### ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટમાં

# પાર્થિવ પટેલને ઓપનિંગ કરાવવાની સંભાવના

નવીદિલ્હી

ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટમાં ભારત મોટો ફેરફાર કરી શકે છે. મેલબોર્નમાં ૨૬ ડિસેમ્બરથી શરૂ થતી ત્રીજી અને નિર્ણાયક ટેસ્ટમાં ભારતીય ટીમ ઓપનિંગ જોડીમાં પરિવર્તન કરીને પાર્થિવ પટેલને પ્લેઇંગ ઈલેવનમાં સમાવી શકે છે.

ગુજરાતની ટીમના આ સ્ટાર ક્રિકેટર અને વિકેટકીપર બેટ્સમેન પાર્થિવ પટેલ અગાઉ પણ ઓસ્ટ્રેલિયા ધરતી પર ઓપનિંગ કરી ચૂક્યો છે. જેના કારણે ટીમ મેનેજમેન્ટ તેનો વિકલ્પ અંગે વિચાર કર્યો છે. ગુજરાતની રણજી ટીમના કેપ્ટન પાર્થિવ પટેલની આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાં ઓપનર તરીકેની રન સરેરાશ ૫૩.૦૦ની છે. તેણે ઓપનર તરીકેની છ ટેસ્ટ ઈનિંગમાં ૫૩ની સરેરાશથી ૨૬૫ રન ફટકાર્યા છે.

# વિમાની ભાડાની મહત્તમ મર્યાદા નક્કી કરવા સુચન

નવી દિલ્હી

સંસદની એક સમિતિએ એરલાઈન્સ દ્વારા વસુલ કરવામાં આવતા ઈચ્છિત ભાડાને લઈને નારાજગી વ્યક્ત કરી છે. સાથે સાથે એરલાઈન્સના આવા વર્તનને લઈને અસંતોષની લાગણી વ્યક્ત કરી છે. આ સમિતિએ સરકારને વિમાની ભાડાની મહત્તમ મર્યાદા નક્કી કરવા માટે સુચન કર્યુછે. સમિતિએ સરકારના એવા તર્કને પણ ફગાવી દીધો છે કરે અન્ય વિકસિત દેશોને પણ ભાડાની બાબતને માર્કેટ પર છોડી દેવામાં આવે છે. સમિતિએ કહ્યુ છે કે જે આધાર પર એરલાઈન્સને મનમાનીની છુટ આપવામાં આવે છે તે આધાર યોગ્ય નથી. સમિતિએ કહ્યુ છે કે ટિકિટ રદ કરવાની સ્થિતીમાં કાપી લેવામાં આવતા ચાર્જને પણ પારદર્શક બનાવવામાં આવે તે જરૂરી છે. રાજયસભાની પરિવહન, પ્રવાસ અને સાંસ્કૃતિક સંબંધી સમિતિએ તેના હેવાલમાં કેટલીક વાત કરી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વિકસિત દેશોમાં લાગુ કરવામાં આવતા વિમાની ભાડા નક્કી કરવામાં આવતા તંત્ર ભારત માટે યોગ્ય હોઈ શકે તેમ નથી. સમિતિએ કહ્યુ છે કે વિમાની ફ્યુઅલ અથવા તો એટીએફના દરમાં ૫૦ ટકાનો ઘટાડો થયો હોવા છતાં એરલાઈન્સ દ્વારા તેનો લાભ વિમાની યાત્રીઓને હજુ સુધી આપ્યો નથી. આ મામલામાં સમિતિએ કહ્યુ છે કે કેટલાક મામલામાં ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર છે. સમિતિએ કહ્યુ છે કે હાલની સ્થિતીને ધ્યાનમાં લઈને આ સેક્ટર માટે ભાડાની ઉપરની મર્યાદા પર વિચારણા કરવામાં આવે તે જરૂરી છે. એરલાઈન્સને લઘુતમ દરે મહતમ સીટો યાત્રીઓને ઉપલબ્ધ કરાવવા માટે પણ કહેવામાં આવ્યુ છે.


radhe furnishing
પાલ વિસ્તારનો એક અને માત્ર એક વિશ્વસનીય શોરૂમ
સોફા અને પડદાનાં કાપડ પર ૨૦% થી ૩૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
વોલપેપર અને મેટ્રેસની વિશાળ શ્રેણી ઉપલબ્ધ
દરેક પ્રકારના ક્વોલીટી બેઝ સોફા બનાવવાના સ્પેશ્યાલીસ્ટ
''રાજ વિકટોરીયા'' પહેલો માળ, દુકાન નં. ૧૨૪, ટીજીબી હોટલની ગલીમાં પાલગામ સર્કલની સામે, પાલ.
Mo. 97734 32817 / 98987 18873 E-mail : radhefurnishing.surat@gmail.com

અજય મોદી એટલે આનંદનુ સરનામું
સિંગાપોર-મલેશિયા-થાઈલેન્ડ
Rs.89,999/- 11 DAYS
JAN-10-19-24-FEB-7-16-28
MARCH-7-16-28
ગુજરાતી ટૂર મેનેજર,ગ્રુપ ટૂર અને સ્વાદિષ્ટ ભોજન
અજય મોદી 63519 69699 96875 69699

JINDAL VISHWAS | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | LOTUS | Manaksia Limited | JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
● પોલીકાર્બોનેટ ● PVC ● ગેલ્વેનાઈઝ
● એલ્યુમીનીયમ ● MS ● CRC
પતરા તથા પ્લેટ
TATA SHAKTEE GC SHEET
કોરૂગેટેડ, પ્રોફાઈલ & કલર કોટેડ
● ગેલવેનાઈઝ ● એલ્યુમીનીયમ ● PVC સીટસ
Steel Trading Company
Mugatlal Group
Nr. Krishna Pertrolpump, Udhna main road, Surat
Ph. 0261-2324869, 2344911, M.: 7575882332
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

ડિસે. થી માર્ચ કપલ/ફેમીલી ડીલક્ષ પ્રવાસો
રાજ્ય સરકારના કર્મચારીને LTC ની સુવિધા
• સિમલા-મનાલી-ડેલહાઉસી-વૈષ્ણોદેવી
• નૈનીતાલ-મસુરી-કોર્બેટ પાર્ક
• દાર્જિલીંગ-ગંગટોક-લાચુંગ-યુમથાંગ
• દક્ષિણ ભારત-ઉટી-રામેશ્વર
• સ્પે. કેરાલા સાથે મુન્નાર-થેકડી
• આંદામાન-પોર્ટબ્લેર-હેવલોક
અસારવાવાળા 1950 થી આપની સેવામાં
અખિલભારત ટુર્સ & ટ્રાવેલ્સ પ્રા.લિ.
સ્વતંત્ર હોટલ - વાહન - AIR બુકીંગ
9375527702/03/04/05/06/07
O.26564488 M.9426179642
સુરેન્દ્રનગર M. 7817817692 - 7878617692
www.akhilbharat.in

DEV YOGA SURAT. COM
Working in Surat Since 2011
Eat Healthy Food & Do YOGA for Flexible Body, Peacefull Mind & Stressfree Life
स्कूल, कोलेज, घर, सोसायटी, एपार्टमेन्ट एवं, सार्वजनिक स्थानों पर योग सिखने हेतु संपर्क करे ।
Home Yoga & Group Yoga
रोज 45 मिनट का योग -- रखें जीवन भर निरोग
योगा ट्रेनर Send Your Address on देव सर : 99139 37909
Justdial YouTube / devyogasurat
dev08arya@gmail.com www.devyogasurat.com

सौथી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા — કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલમ બીચ — AC Deluxe Hotel • AC 2 x 2 Volvo Bus — દિવસ-૮ ₹ 24500/-PP
દિલ્હી-અક્ષરધામ — હરીદ્વાર, ઋષીકેશ, મસૂરી, દહેરાદુન, નોકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા — દિવસ-૬ ₹ 9000/-PP
નેપાળ-કાઠમંડુ — પોખરા, બનારસ, મનોકામનાદેવી, સોનૌલી, અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, ગોરખપુર — AC Bus — દિવસ-૯ ₹ 14800/-PP
સ્પે.હનીમુન ટુર — દિલ્હી-અક્ષરધામ, દિલ્હી દર્શન, પીંજોરગાર્ડન, સીમલા, કુફરી, કુલુ, મનાલી, રોહતાંગ, કેલાલોંગી, જાખુમાર, પવાર બોર્ડર, અમૃતસર — Nap AC Bus — દિવસ-૯ ₹ 17200/-PP
બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઇકેનાલ, મદુરાઇ, કન્યાકુમારી, પદ્મનાભમ મંદિર, ત્રિવેન્દ્રમ-કેરાલા, રામેશ્વરમ્, શ્રીરંગમ, મહાબલીપૂરમ, શિવકાંચી, પોંડીચેરી, તીરૂપતી બાલાજી — AC 2x2 — દિવસ-૧૨ ₹ 23500/-PP
ઉપરના બધાજ પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com Prayosha trips

સુખારામ ઓપ્ટીકલ હાઉસ
ઘોડદોડ રોડ - કામરેજ ચાર રસ્તા - વેસુ
ઓકલી, સીલોટ, ઓક્સીડો, પોલીસ, ટેગ હ્યુયર, બોશ, અરમાની, પ્રાદા, કરેરા, રેબન, સ્ટેપર, ગુચી, પીયર કારદીન, ડી.એન્ડ જી. કલેકશન વિગેરે બ્રાન્ડની ફ્રેમો, ગોગલ્સ, કોસ્મેટીક લેન્સ, B & L કોન્ટેક્લેન્સ વિગેરે હાજરમાં મળશે. કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
ઘોડદોડ રોડ — ચુ/૧-૨-૩-૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત. ફોન : 2666806, મો.- 78744 44876
કામરેજ ચાર રસ્તા — એફ/૬-૭-૮-૯, ધરમ એમ્પાયર, કામરેજ બસ સ્ટેન્ડની સામે, કામરેજ ચાર રસ્તા.૩૯૪ ૧૮૫. મો. - 95127 42045
વેસુ — જી/૨૬-ચુ/૨૬, સોમેશ્વરા સ્કવેર, આગમ હેરીટેજની સામે, સોમેશ્વરા એન્કલેવ, વેસુ, સુરત.મો. - 63510 20422

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એક ભારત શ્રેષ્ઠ ભારત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

## ૨૦૦ જેટલા કલાકારોએ દેશના વિવિધ રાજયોની કલા સંસ્કૃતિના દર્શન કરાવ્યા : વડાપ્રધાને લેસર શો પણ નિહાળ્યો





રાજપીપળા: વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૫૩મી ડીજી કોન્ફરન્સમાં હાજરી આપવા કેવડીયા ખાતે રોકાણ કર્યું છે. સંધ્યા ટાણે મા નર્મદાના પાવન સાનિધ્યમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ભારત અને ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા આયોજિત એક ભારત શ્રેષ્ઠ ભારત સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો. કેન્દ્રિય ગૃહમંત્રી રાજનાથસિંહ, કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી કિરણ રિજ્જુ, કેન્દ્રીય રાજયગૃહમંત્રી હંસરાજ આહિર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવાલ સહિત દેશના વિવિધ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશના આઈજી, ડીઆઈજીઓએ પણ સાંસ્કૃતિક કાર્યક્રમને મનભરીને માણ્યો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૨૦૦ થી વધુ કલાકારોએ દેશના વિવિધ રાજયોની કલા સંસ્કૃતિને એકમંચ પર પ્રસ્તૃત કરીને એક ભારત શ્રેષ્ઠ ભારતની અસ્મિતાને ઉજાગર કરી હતી. સરદાર વલ્લભભાઈ પટેલે દેશને એક તાતણે બાંધવાના પ્રયાસોની ઝલકને કલાકારોએ પ્રસ્તૃત કરી હતી. આ ઉપરાંત ગુજરાત, પંજાબ, આસામ, બિહાર, જમ્મુ કાશ્મીર, કેરાલા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિત અન્ય રાજયોનું બિહુ, ભાંગડા, બધાઇ, સીધી ધમાલ, રાસ, વસંતરાય, ધનગીરી ગજા, પાયકા, ગોરમારીયા, કાલબેલિયા, ગુમાર, કથકલી નૃત્ય રજુ કર્યા હતા. કલાકારોએ ગુણવંતી ગુજરાતની અસ્મિતાને પણ ઉજાગર કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે લેસર શો પણ નિહાળ્યો હતો. ગુજરાતના મુખ્ય સચિવ જે.એન.સિંઘ પણ સાંસ્કૃતિક કાર્યક્રમમાં જોડાયા હતા.

# લેસપટ્ટીના વેપારી સાથે રૂા.૬.૪૪ લાખની ઠગાઈ

સુરત

ઉધના વેપારી પાસેથી રૂા.૬.૪૪ લાખની કિંમતની લેસની પટ્ટી ખરીદી પેમેન્ટ નહીં ચૂકવનાર મોટા વરાછાના વેપારી સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

ઉધના પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મોટા વરાછા શ્રીનાથજી સોસાયટીમાં રહેતાં અશોક દામજીભાઈ દોમડીયાએ ફરિયાદી જગદીશભાઈ વિઠ્ઠલભાઈ સોજીત્રા પાસેથી રૂા.૬,૪૪,૩૫૮ની કિંમતની લેસની પટ્ટીનો જથ્થો ખરીદ્યો હતો. આ માલનું પેમેન્ટ નહીં કરી આરોપી અશોક દામજીએ વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. બનાવ અંગે ઉધના પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.


જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.12,000/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.12,000/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય ત્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

merino ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
- મેરીનો લેમીનેટ સીટસ્
- 100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
- સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
- ફુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
- બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
- Ex-cel પી.વી.સી. સીટ
- ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ

ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .


GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

सूरत शहर के लोहे के सबसे पुराने, प्रतिष्ठित व्यापारी
ESSAR 24 CARAT STEEL BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट, एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट, पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार, ब्राइट बार, पाईप एवं लोहे की प्रत्येक आइटम के 45 वर्ष से विश्वसनीय व्यापारी
सेल SAIL शाह एन्ड कंपनी JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

मढीवाला
लिनीमेन्ट અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશાનાં દુખાવા માટે અસરકારક


022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

સુર્યા ઇટાલીયન માર્બલ પેસ્ટ
ફેસ્ટીવલના શુભ અવસર પર માર્બલ પેસ્ટથી આજે તમારા ઘરને સજાવો
માર્બલ પેસ્ટ શું છે જરા ધ્યાનથી સાંભળો
- માર્બલ પેસ્ટ દિવાલ અને સિલીંગને મજબૂત કરવાનું કેમીકલ છે.
- માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ લુણો આવતો નથી.
- દર વર્ષે કરાવવું પડતું નથી.
- ૫ થી ૧૦ વર્ષ સુધી આસાનીથી ચાલે છે.
- કલરના ભાવમાં થાય છે.

માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમજ દુકાનમાં લગાડી આપવામા આવશે.
૫૦૦ સ્કવેર ફુટથી ઓછું કામ કરી આપવામાં આવશે નહીં.
૫૦૦ સ્કવેર ફુટથી ઓછું કામ હશે તો ભાવ ઉગડા ગણવામાં આવશે.

ફક્ત એક જ ફોન કરો. તમારે ત્યાં આવી જશે. વિઝીટ ચાર્જ લેવામા આવતો નથી.
(ઉમરાવ વર્ગની એક વિશિષ્ટ મારબલ પેસ્ટથી દિવાલ અને સિલીંગમાં પ્લાસ્ટરીંગ)
આ બાબતનું ધ્યાન રાખજો પાંચ વર્ષની વોરંટી લેખિતમાં બીલ આપે છે. સુર્યા મેજીક ઇટાલીયન માર્બલ પેસ્ટ આ બધુ આપે છે.
ધાબુ ગળતુ હોય તો સ્પેશીયલ કેમીકલ સાથે તૈયાર કરી આપવામા આવશે.
આધુનિક કારીગરોથી મકાન, બંગલો, રો-હાઉસ, શો-રૂમ, દુકાન, ઓફિસ દિવાલ અને સિલીંગમાં કેમીકલ મિશ્રિત અને મારબલ પેસ્ટથી દરેક પ્રકારના મનપસંદ મારબલ ડિઝાઇન અને ટાઇલ્સ અને મનપસંદ રંગોમાં મારબલ જેવી ફિનિશીંગ પ્લાસ્ટર કરી આપવામાં આવશે.
વધુ વિગત માટે એકવાર અવશ્ય મુલાકાત લઇ વિશ્વાસ મેળવો
LG-16, સાર કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રી નગર, કિષ્ના પેટ્રોલ પંપની સામે, ઉધના મેઇન રોડ, સુરત.
Mo.9662264058 / 9898266258 / 9725264852 / 9725264774

# પાલેજ પો.સ્ટે વિસ્તારમાં ક્રિકેટ સટ્ટો રમાડતા બે ઈસમોને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



પોલીસ મહાનિરીક્ષક વડોદરા રેન્જ વડોદરા તથા ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક તરફથી જિલ્લામાં દારૂ - જુગાર સદંતરપણે નાબુદ કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને ભરૂચ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર કે.જે.ધડુક સાહેબ તથા એલ.સી.બી.ની ટીમ પાલેજ પો.સ્ટે વિસ્તાર મા પેટ્રોલીગમાં હતા દરમ્યાન કે.જે. ધડુક સાહેબ મળેલ બાતમી આધારે સીમાલીયા થી પાલેજ તરફ આવતા રોડ ઉપર બે ઈસમો એક ફોરવ્હીલ ગાડીમા સીડની થંડર ટીમ વિરુધ્ધ મેલબોર્ન સ્ટાર ટીમ વચ્ચે રમાતી ઓસ્ટ્રીલીયન બીગ બેશ ૨૦-૨૦ ઓવરની ક્રીકેટ મેચ ઉપર કરીકેટ નો સટ્ટો રમાડતા હોય આરોપીઓને પકડી પાડેલ છે.

આરોપીઓના નામ- (૧) સમીરભાઈ હુરોનભાઈ મંસુરી હાલ. રહે.પાણીગેટ મહેંદી નગર દરગાહ પાસે તા.જી.વડોદરા મુ.રહે. કસ્બાવાડ, તા.જી.નાંદોદ (રાજપીપળા) (૨) આસીફ શેખ રહે.૧૦૦ એકતા નગર આજવા રોડ સરદાર સ્ટ્રેટ તા.જી.વડોદરા.

# સાગબારામાં પીકઅપ ગાડી પલટી ખાતા પાણીના બોરના સામાન નીચે દબાયેલા વ્યક્તિનું મોત

રાજપીપળા : નર્મદા જિલ્લા ના સાગબારા તાલુકાના ધવલીવેર ગામ પાસેથી પાણીના બોરનો સામાન લઈ જતા સૂર્યકાન્ત ડીગમ્બરભાઈ વસાવા એ પોતાની સામાન ભરેલી ગાડી પલટી ખવડાવતા એકનું મોત થયું હતું.

સાગબારાના પીરમંડાળા ખાતે રહેતા સૂર્યકાન્ત વસાવા પોતાના કબજામાની બોલેરો પીકઅપ ગાડી નંબર MH.18. M.6242 લઇ ફરી રાજેશ ધીરસિંગ વસાવા, રહે, પીરમંડાળા તથા અન્યો સાથે પીરમંડાળા ગામેથી જાવલી ગામે બોર રીપેરીંગ કરવા માટે જતા હતા અને માટી કાઢવાનો સામાન ભુલી જતા એ લેવા જવા માટે પરત જતા ગાડીના ચાલાક સૂર્યકાંતે ધવલીવેર ગામ નજીક નાળા ઉપરથી પરત પીરમંડાળા જવા માટે ગાડી વાળવા જતા બેદરકારીથી હંકારી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દઇ ગાડીને નાળાની બાજુમા આવેલ ખાડામા પલટી ખવડાવી દેતા અંદર બેઠેલા જયસિંગ જીપાભાઈ વસાવા (૪૫)ઉપર ગાડીમા ભરેલ બોર રીપેરીંગન લોખંડની પાઈપો તથા લોખંડનો સામાન પડતા નીચે દબાઈ જતા તેના મોઢા તથા છાતીના ભાગે ગભીર ઈજા પહોચાડી તથા જમણા પગે ફેકચર કરી ઈજા પોહ્ચ્તા મોત થયું હતું ત્યારે આ બાબતે રાજેશ વસાવા એ ગાડી ના ચાલાક વિરુદ્ધ ફરિયાદ આપતા સાગબારા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ભરૂચ બાર એસોસિએશનના પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ





ભરૂચ જિલ્લા ન્યાયાલય ખાતે વકીલ બાર એસોસિએશનના પ્રમુખ, ઉપ પ્રમુખની ચૂંટણી શુક્રવારના રોજ યોજાઈ હતી.જેમાં ત્રણ ઉમેદવારે પ્રમુખ તરીકે નામ નોંધાવ્યું હતું.

ભરૂચ બાર એસોસીએશનના પ્રમુખ પ્રદ્યુમનસિંહ સિંધા, છગન ગોડીગજબાર અને જીજ્ઞેશ બોમ્બેવાલાએ પ્રમુખ તરીકે દાવેદારી નોંધાવી હતી. બાર એસોસીએશનના કુલ ૨૫૨ મતદારોમાંથી ૨૩૪ વકીલોએ મતદાન કર્યું હતું. જેમાં એડવોકેટ પ્રદ્યુમનસિંહ સિંધાને ૧૭૫ મત મળતા તેઓ પ્રમુખ તરીકે વિજેતા થયા હતા.

જ્યારે તેમના હરીફ એવા છગન ગોડીગજબારને ૪૩ અને જીજ્ઞેશ બોમ્બેવાલાને માત્ર ૧૩ મત મળયા હતા. ઉપપ્રમુખ તરીકે એડવોકેટ નદીમ મો.સઈદ શેખ સેક્રેટરી તરીકે નીરવ બિપીનચંદ્ર મોદી અને ઉપ સેક્રટરી તરીકે એડવોકેટ સ્નેહલ આગ્નેજીયાની વરણી થઇ હતી.

# નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અંકલેશ્વર શહેર પોલીસ



પોલીસ મહાનિર્દેશક ગુજરાત રાજય તરફથી રાજયમાં નાસતા ફરતા આરોપીઓ પકડવા બાબતે ડ્રાઈવ રાખવામાં આવેલ જે ડ્રાઈવ અનુસંધાને વડોદરા રેન્જ પોલીશ મહાનિરીક્ષક અભયસિંહ ચુડાસમા સાહેબ તથા ભરૂચ પોલીસ આંધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સુચના મળેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ આંધિક્ષક એવ.એ.ઝાલાના માગદર્શન હેઠળ અંકલેશ્વર શહેર પો.સ્ટે વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા અલગ અલગ ટીમો બનાવી આરોપીઓ પકડવા તજવીજ હાથ ધરવામં આવેલ જે આધારે આજરોજ ચીખલી પો.સ્ટે.ગુ.ર.ઃ.ં ૧૪/૧૫ ઈ.પી.કો કલમ- ૩૭૯, ૪૬૫ મુજબના ગુળાળો નાસતો હરતો આરોપી મુકેશભાઈ શંકરભાઈ ભોયે હાલ, રહેવાસી.બી/૮ વૃન્દાવંન સો.સા, અંકલેશ્વર શહેર, ભરૂચ નાઓને પકડી પાડી સી.આર.પી.સી કલમ ૪૧(૧)(આઈ) મુજબ અટક કરી કાયદેરાર કાર્યવાઠી કરવામાં આવેલ છે.

# વિદેશી દારૂના જથ્થા સાથે બેની ધરપકડ

## દારૂનો જથ્થો મંગાવનારને પોલીસે વોન્ટેડ બતાવ્યો

સુરત

કડોદરા સીએનજી પંપ પાસેથી પસાર થતા બે બુટલેગરો પાસેથી પોલીસે ચાર પ્લાસ્ટિકના થેલામાંથી વગર પાસ પરમીટની બનાવની ૪૩૨ નંગ વ્હીસ્કી તથા બીયરની બોટલો કબજે કરી તેઓની ધરપકડ કરી હતી. જોકે વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર બુટલેગરને પોલીસે ચોપડા પર વોન્ટેડ બતાવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ નવસારીના રહેવાસી અંકિત સતીષભાઈ વર્મા વિજલપોર અને દુર્ગેશ સોનકર નામના બે બુટલેગરો ગતરોજ કડોદરા ગામની સીમ પાસે આવેલા સીએનજી પંપ પાસેથી પસાર થતા હતા. ત્યારે પોલીસે તેઓને રોકી તપાસ કરતા ચાર પ્લાસ્ટિકના થેલામાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની વ્હીસ્કી તથા બીયરની કુલ ૪૩૨ નંગ બોટલ કિંમત રૂા.૨૬૪૦૦ની કબજે કરી તેઓની ધરપકડ કરી હતી. જ્યારે વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર ચલથાણાના રહેવાસી અને બુટલેગર ગિરીશ પટેલને વોન્ટેડ બતાવ્યો હતો. પોલીસે પ્રોહિબીશનનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.










# ભરૂચની દુધધારા ડેરીને મળ્યું ISO 9001-2015 અને ISO 22000-2005 સર્ટીફિકેટ





ભરૂચ જિલ્લાની સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. જેને દૂધધારા ડેરી તરીકે ઓળખવામાં આવે છે. જેની સ્થાપના ૧૮ ડિસેમ્બર ૧૯૫૯નાં રોજ કરવામાં આવી હતી. આ ડેરીને ૬૦માં વર્ષમાં પ્રવેશ થવાના પ્રસંગે ISO 9001-2015 અને ISO 22000-2005 સર્ટીફિકેટ પણ મળતાં બેવડી ખૂશીઓ મનાવવામાં આવી હતી. ડેરી ખાતે કર્મચારીઓએ કેક કાપી બેવડી ખૂશીની ઉજવણી કરી હતી.

ધી ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક મંડળીના સ્થાપના દિનની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. ૫૯ વર્ષ પૂર્ણ કરી સફળતા પૂર્વક ૬૦માં વર્ષમાં પ્રવેશ કરતાં સંઘનાં ચેરમેન ઘનશ્યામ પટેલ, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, મેનેજીંગ ડિરેક્ટર પી.કે. પટેલ, અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં ઉજવણી થઈ હતી.

ગુણવત્તા અને ખાધ્ય સુરક્ષા નીતિ અંતર્ગત દૂધધારા ડેરીનાં આંતરીક તથા બાહ્ય ગ્રાહકોની અપેક્ષાને ધ્યાનમાં રાખીને અદ્યતન ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવે છે. કાયદાકીય જરૂરિયાત મુજબ ઉત્તરોત્તર સારી ગુણવત્તા જાળવી, દૂધ અને દૂધની બનાવટો ગ્રાહકોને પુરી પાડવાની કટિબધ્ધતાને લઈને દૂધ ઉત્પાદકોનું જીવન ધોરણ ઉંચુ લાવવા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેને લઈને ISO 9001-2015 અને SO 22000-2005નું લાયસન્સ આપવામાં આવ્યું છે. સંઘના ચેરમેન, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, મેનેજીંગ ડિરેક્ટર્સ, કર્મચારીઓ અને અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ ખુશીની સૌએ સાથે મળીને ઉજવણી પણ કરી હતી.

# રાંદેરના બંધ મકાનમાંથી રૂા.૧.૯૬ લાખની ચોરી

## રાંદેર પોલીસે અજાણ્યા સામે ગુનો નોંધ્યો

સુરત

રાંદેર-તાડવાડી નીતા સોસાયટીમાં આવેલા એક બંધ મકાનનું તાળુ તોડી રોકડા તથા સોના ચાંદીના દાગીના મળી કુલ રૂા.૧.૯૬ લાખની મતાની ચોરી ૨૦ થી ૨૫ વર્ષના અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ રાંદેર પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રાંદેર રોડ તાડવાડી નીતા સોસાયટી ખાતે બિપિનચંદ્ર નટવરલાલ મિસ્ત્રી રહે છે. ગતરોજ રાત્રિના સુમારે તેમના બંધ મકાનના દરવાજાને મારેલુ તાળુ તોડી અંદર પ્રવેશી બેડરૂમમાં મુકેલા કબાટમાંથી રોકડા રૂા.૧.૧૦ લાખ ૬૭ હજાર રૂપિયાના સોના ચાંદીના દાગીના તેમજ ૧૫ હજાર રૂપિયાનો કેનન કંપનીનો કેમેરાની ચોરી કરી ૨૦ થી ૨૫વર્ષના અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હતા. રૂા.૧.૯૬ લાખની મતાની ચોરીની ફરિયાદ બિપિનચંદ્ર મિસ્ત્રીએ રાંદેર પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# અમદાવાદના વેપારીને પુણાના વેપારીએ ચુનો ચોપડ્યો

## સબમર્સીબલ પંપો મંગાવી પેમેન્ટ ચુકવ્યું નહીં

સુરત

રૂા.૧.૦૬ લાખની કિંમત સબમર્સીબલ પંપ મેળવી પેમેન્ટ નહીં ચૂકવનાર પુણાની શ્રીજી ટ્રેડિંગ કંપનીના માલિક સહિત બે જણા સામે ઉધના પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

ઉધના પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદના વેપારી ધગશ સુરેશચંદ્ર શેઠ અને ઉમિયા પીપ પંપ પાસેથી આરોપી શ્રીજી ટ્રેડિંગ કંપનીના માલિક અજય બાવચંદ્ર હિરપરા ગીતાનગર, પુણાગામ અને કિરીટ નામના વ્યક્તિએ રૂા.૧,૦૬,૭૫૧ની કિંમતના ૧૫ સબમર્સીબલ પંપ મંગાવ્યા હતા. આ માલની ડિલીવરી મેળવ્યા બાદ આરોપીઓએ પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. ઉધના પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.



*રાંદેર રોડ સ્થિત સંસ્કાર ભારતી વિદ્યાલયમાં સંસ્કાર ઉત્સવ-૨૦૧૮ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં અંગ્રેજી તેમજ ગુજરાતી માધ્યમના બાળ ભવનના બાળકોએ પોતાની વિવિધ કૃતિઓ સુંદર રીતે રજૂ કરી હતી. પોતાનામાં રહેલા નૃત્ય, સંગીત અને અભિનયના કૌશલ્ય આ ત્રણેયની જુગલબંધીમાં અમારા રંગકર્મીઓએ સુંદર રીતે થનગનાટ કર્યું હતું. આ પ્રીતીમય પળો અમારા સૌ માટે એક યાદગાર પ્રસંગ બની રહેશે.*

# વેપારી બચકાનીવાળાના બેંક એકાઉન્ટમાંથી રૂા.૫૨ લાખ ગાયબ

## અજાણ્યા હેકર સામે પોલીસ ફરિયાદ

સુરત

વેપારી કમલેશ બચકાનીવાળાના બેંક એકાઉન્ટ હેક કરી રૂા.૫૨ લાખ ટ્રાન્સફર કરી લેનાર અજાણ્યા વ્યક્તિ સામે આઈ.ટી.એક્ટ અન્વયે મહિધરપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ લાલદરવાજા ધનરાજ પરમારની વાડીમાં રહેતાં વેપારી કમલેશ રમણભાઈ બચકાનીવાળાએ અજાણ્યા હેકરની સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી વેપારીનું બેંક એકાઉન્ટ લાલદરવાજા સ્થિત યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં આવેલુ છે. અજાણ્યા આરોપીએ આ બેંક એકાઉન્ટ હેક કરી અલગ-અલગ સમયે ફરિયાદીના બેંક એકાઉન્ટમાંથી રૂા.૫૨ લાખની રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. મહિધરપુરા પોલીસે વેપારી બચકાનીવાળાની ફરિયાદ નોંધી પો.ઈ.પી.એ. આર્યએ તપાસ હાથ ધરી છે.

# અંકલેશ્વર રૂરલ પો.સ્ટે.ના નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓની સુચના તેમજ માર્ગદર્શન મુજબ ભરૂચ જીલ્લામાં બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી ૧/૮ પોસઈ વાય.જી.ગઢવી તથા સ્ટાફ માણસો સાથે આવા ગુનેગારો શોધી કાઢવા અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે



અંકલેશ્વર રૂરલ પો.સ્ટે. ગુરનં. I ૩૩/૨૦૧૭ I૨ ક. ૪૪૭, ૩૮૦ મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી વિનોદ મોહનલાલ પ્રજાપતી ઉ.વ. ૩૦, રહે. વિજયનગર, સરસ્વતી વિદ્યામંદિર પાસે ગડખોલ, તા.અંકલેશ્વર, જી.ભરૂચ. મુળ રહે. અલવર, રાજસ્થાન નાને રાજપીપલા ચોકડી ખાતેથી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચની ટીમે ઝડપી પાડી, કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ તેપાસ અર્થે આરોપીને અંકલેશ્વર રૂરલ પો.સ્ટે.માં સોંપવામાં આવેલ છે.













# સગરામપુરામાં જન્મદિનની પાર્ટીમાં પોલીસના દરોડા : મહિલા સહિત ૧૪ની ધરપકડ

સુરત

ગતરાત્રે પીપલોદના ઓએસ્ટર હોટલમાં ઉમરા પોલીસે ૪૦ થી વધુ મહિલાઓની મહેફીલ પર રેડ પાડી હતી. ત્યારબાદ મોડી રાત્રે અઠવા પોલીસે સગરામપુરા સિલ્વર રેસીડેન્સીના ધાબા પર બર્થ ડે પાર્ટીમાં રેડ પાટી છાંટાપાણી કરી રહેલ ૭ દંપતિઓની ધરપકડ કરી હતી.



સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ગતરાત્રે પોલીસ કન્ટ્રોલ રૂમને કોલ મળ્યો હતો કે સગરામપુરા સિલ્વર રેસીડેન્સીના ધાબા ઉપર મોડી રાત્રે દારૂની મહેફિલ ચાલી રહી છે. આ ફરિયાદના આધારે પોલીસે રાત્રે ૧ વાગે છાપો મારીને સિલ્વર રેસીડેન્સીના ધાબા પર છાંટાપાણી કરી રહેલ ૧૪ જેટલા મહિલા પુરૂષોની અટકાયત કરી હતી. તમામ દારૂના નશામાં હોવાથી તેઓને તબીબી પરીક્ષણ માટે રાત્રે જ પોલીસ નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવી હતી. સિવિલ હોસ્પિટલમાં તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું.

જેમાં મોન્ટુ મહેશ વલેરા ઉ.વ.૩૭ રહે. ૧૦૩ સિલ્વર રેસીડેન્સી સગરામપુરા અભિષેક અશ્વિન પટેલ ઉ.વ.૩૭, કૃણાલ દિલીપ ચૌટે ઉ.વ.૩૨ રહે, ખટોદરા કોલની, અશોક કાપડીયા રહે. રૂસ્તમપુરા, ચેતન હસમુખ ભુતવાળા ઉ.વ.૪૪ રહે. હનુમાન શેરી, સગરામપુરા નૈતિક સુરેશ પટેલ ઉ.વ.૨૭, રહે. પ્રકાશ સોસાયટી રાંદેર, ધ્રુવ જશવંત ફિટવાલા ઉ.વ.૩૬ રહે. આશીર્વાદ ટાઉનશીપ, બમરોલી, કલ્પેશ મનુભાઈ મોટાવાળા ઉ.વ.૩૮ રહે. શાસ્ત્રીનગર,ઉધના દરવાજા, કાશુબેન મોન્ટુ મહેશ વલેરા ઉ.વ.૩૪ રહે. સિલ્વર રેસીડેન્સી, મનીષ ભરત ચૌહાણ, ઉ.વ.૨૩ રહે. સાંકળ શેરી, સગરામપુરા, હેમલતાબેન અશોક કાપડીયા ઉ.વ.૫૦ રહે. મનસુખની વાડી રૂસ્તમપુરા, ધર્મિષ્ઠાબેન ધ્રુવ જશવંત ફિટવાલા ઉ.વ.૩૩ રહે. આશીર્વાદ ટાઉનશીપ બમરોલી, અંકિતાબેન કૃણાલ ચૌટે ઉ.વ.૨૯ રહે. ખટોદરા કોલોનીની અટકાયત કરીને સિવિલમાં લઈ આવ્યા હતા. પોલીસ દ્વારા વધુમાં મળતી માહિતી મુજબ બર્થ ડે પાર્ટીમાં દારૂની મહેફિલ માણનારા દંપતિ હોવાનું જાણવા મળ્યું છે. સિવિલમાં તમામના લોહીના નમૂનાઓ પરીક્ષણ માટે લેવાયા છે. જેનો રિપોર્ટ આવ્યા બાદ દારૂ પીધો છે કે નહીં તે અંગેની સત્તાવાર જાણ થશે અને ત્યારબાદ પોલીસ કાર્યવાહી કરશે.

### ન્યાયની માંગ સાથે ધરણા કરી રહેલા

# ભાજપના સક્રિય કાર્યકર રાજેશ ગોહિલના પરિવારની સાંસદ ડો.શંભુનાથ ટૂંડીયાએ મુકલાત લીધી

ભરૂચની નવી વાસહાતના યુવાન રાજેશ ગોહિલના શંકાસ્પદ મોતમાં ન્યાય મેળવવા કલેકટર કચેરી ખાતે છેલ્લા ચાર દિવસથી ધરણા પર બેસેલ મૃતકના પરિવારજનોની રાજ્યસભાના સાંસદ અને ઝાંઝરકાના ગાદીપતિ શંભુનાથ ટૂંડીયાએ શુક્રવારના રોજ મુલાકાત લઈ હૈયાધારણા આપી હત્યાનો ગુનો દાખલ કરાવવાની ખાત્રી આપી હતી.







રાજેશ ગોહિલના શંકાસ્પદ મોતમાં તેના પરિવારજનોએ રાજેશની હત્યા કરાઈ હોવાનો દાવો કરી હત્યાનો ગુનો દાખલ કરવાની માંગ ઉઠાવી હતી.જોકે પોલીસે બનાવને અકસ્માત મોતમાં ખપાવી તપાસને ઢીલી કરી નાખતા મૃતકના પરિવારજનો રોષે ભરાયા હતા. મૃતકના ભાઈ વસંત ગોહિલે તેની માતા અને પરિવાર સાથે ન્યાય મેળવવા ધરણાનું શસ્ત્ર ઉગામ્યુ હતું.પરંતુ છેલ્લા ચાર દિવસથી ધરણા પર હોવા છતાં પોલીસની ગતિવિધિ ઠેર ની ઠેર છે. દરમ્યાન આજરોજ ભરૂચની મુલાકાતે આવેલા રાજ્યસભાના સાંસદ અને સંત સવૈયાનાથ સમાધીસ્થાન ઝાંઝરકાના ગાદીપતિ શંભુનાથ ટૂંડીયાએ ધરણા પર બેસેલ મૃતક રાજેશ ગોહીલના પરિવારજનોની મુલાકાત લીધી હતી.

મૃતક રાજેશ ગોહીલના મોટાભાઈ વસંત ગોહિલે તેમને રજૂઆતો કરી હત્યાની આશંકા દર્શાવતા ૧૬ કારણો સાથે તંત્રને આપેલ લખાણ આપ્યું હતું. શંભુનાથે રજુઆત સાંભળી પરિવારને સધિયારો આપી મૃતક રાજેશ ગોહિલને ન્યાય મળે અને હત્યાનો ગુનો દાખલ થાય તે માટેની ખાતરી આપી હતી.

# સુરતમાં હની ટ્રેપ : કઢંગી હાલતમાં ફોટા પાડી એક લાખ પડાવી લીધા

### ટોળકીમાં ચોકબજાર પોલીસ સ્ટેશનનો પોલીસકર્મી પણ સામેલ

સુરત

પુણામાં બે યુવતીએ એક વ્યક્તિને ફસાવી ઘરે બોલાવી કાવતરાના ભાગરૂપે પોલીસ સ્વાંગમાં ઘસી આવેલાએ કઢંગી હાલતમાં ફોટા પાડી આ ટોળકીએ રૂપિયા એક લાખ પડાવી લીધાનો બનાવ પુણા પોલીસ મથકે નોંધાયો હતો. આ ટોળકીમાં ચોકબજાર પોલીસ મથકનો પોલીસવાળો પણ હતો.

પુણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપી અશ્વિન ઉર્ફે ડબ્બો નાગર ચૌહાણ રહે. ગંગોત્રી સોસાયટી, ડભોલી ચાર રસ્તા, જાનવી જયંતીભાઈ પટેલ, મઝદા ચેમ્બર્સ, તાડવાડી, ગીતાબેન નાજાભાઈ ગુજરીયા, ગીતાનગર પુણા, લક્ષ્મણ રબારી નોકરી, ચોક બજાર પોલીસ સ્ટેશને કાવતરુ રચી આરોપી જાનવીની સાથે અનિલ ઉર્ફે ભૂરો પટેલની ટેલીફોનિક વાતચીત કરાવી લલચાવી આરોપી ગીતાબેન ગુજરીયાના ભાડાના મકાનમાં બોલાવ્યો હતો. જયાં આરોપી અશ્વિન ડબ્બો અને લક્ષ્મણ રબારી ધસી આવી પોલીસ તરીકેની ઓળખ આપી આરોપી અશ્વિને પોતાના મોબાઈલ ફોનમાં અનિલ ઉર્ફે ભુરાના ફોટા પાડી લઈ બળાત્કારના કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી રૂપિયા એક લાખ બળજબરી પડાવી લીધા હતા.

આ બનાવમાં પુણા પોલીસે તમામ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે ત્રણની ધરપકડ કરી જ્યારે પોલીસવાળો લક્ષ્મણ રબારી ભાગી છુટ્યો હતો.

# નવસારીમાં ૯, વલસાડમાં ૧૧ અને સુરતમાં ૧૪ ડીગ્રી ન્યુનતમ તાપમાન

### શિયાળાની ફુલગુલાબી ઠંડી : પવનની ગતિ ધીમી પડતા ઠંડીમાં નજીવો ઘટાડો

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સામાન્ય કરતા ૩ થી ૪ ડીગ્રી તાપમાનનો પારો નીચે નોંધાયો છે. પારો ગગડ્યો હોવા છતાં પવનની ગતિ મંદ પડતા ટંડીનો જોરદાર ચમકારામાં હાલ નજીવી રાહત અનુભવાઈ રહી છે. આગામી દિવસોમાં ઠંડી જામે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૧.૬ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૪ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૨ ટકા અને હવાનું દબાણ ૧૦૧૪ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૧ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે પવનની ગતિ મંદ પડી હોવાથી ઠંડીની અસર ઓછી થઈ રહી છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે ન્યુનતમ તાપમાન ૯.૫ ડીગ્રી નોંધાયું છે. જે ગત રોજની સરખામણીએ એક ડીગ્રી વધારે છે. વલસાડમાં આજે ન્યુનતમ તાપમાન ૧૧.૧ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજની સરખામણીએ અડધો ડીગ્રી વધુ છે.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં શિયાળો જામી રહ્યો છે. ફુલગુલાબી ઠંડી વચ્ચે વહેલી સવારના કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આગામી સપ્તાહથી ફરી દક્ષિણ ગુજરાત કાતિલ ઠંડીમાં ઠુઠવાય તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.














